નો ફેવર, નો ફિઅર...

# સામનના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 9 DECEMBER 2024 | MONDAY | Page :8 | Year : 2 | Issue :211 | Price: 2/-




રાજ્યમાં આવતા પવનોની દિશા બદલાતા ઠંડીનો ચમકારોઃ ગુજરાતમાં હવે ઠંડી વધશે

જુઓ પેજ નં.૫



### ૧૬ નવેમ્બરથી સસ્પેન્ડ ઈન્ટરનેટ સેવા વધુ એક દિવસ ઠપ રહેશે, હિંસા-કરફ્યૂ વચ્ચે કેમ્પસમાં પ્લેસમેન્ટ ઘટતા યુવાનો મુંજવણમાં

# મણિપુરમાં હજુ પરિસ્થિતિ તણાવપૂર્ણ, કેન્દ્રએ વધુ પાંચ હજાર જવાન રવાના કર્યા


ઇમ્ફાલઃ હિંસાગ્રસ્ત મણિપુરમાં સ્થિતિ કાબુમાં નથી આવી રહી, એવામાં કેન્દ્ર સરકારે કેન્દ્રિય દળોના વધુ પાંચ હજાર જવાનોને રવાના કર્યા છે. ઇમ્ફાલ જિલ્લામાં સુરક્ષાદળો અને ઉગ્રવાદીઓ વચ્ચે એક કલાક સુધી ગોળીબાર થયો હતો. મે મહિનાથી ચાલી રહેલી હિંસામાં ૨૫૦થી વધુનો ભોગ લેવાયો છે. હિંસા, કરફ્યૂ અને ઇન્ટરનેટ સસ્પેન્ડ રખાતા રાજ્યના વિદ્યાર્થીઓના ભવિષ્ય પર માઠી અસર પહોંચી રહી છે.૧૧ નવેમ્બરના રોજ મણિપુરના ઝિરીબામ જિલ્લામાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યા ગયેલા ૧૧ કૂકી ઉગ્રવાદીઓના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે રવિવારે ઇમ્ફાલના થાંગડ બાઝાર વિસ્તારમાં બે લોકોના અપહરણનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હતો, સુરક્ષાદળોએ આ બન્ને લોકોને રેસ્ક્યૂ કરી લીધા હતા જ્યારે પ્રતિબંધિત કાંગલેઇપક કોમ્યુનિસ્ટ પાર્ટીના ચાર ઉગ્રવાદીની ધરપકડ કરવામાં આવી હતી. જેની પાસેથી ૭ એમએમની પિસ્તોલ અને સાત કારતૂસ અને એક વાહન જપ્ત કરવામાં આવ્યું હતું.

# દિલ્હીમાં વરસાદથી ઠંડી વધી :શીત લહેરની આગાહી

### પંજાબ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઠંડીની સાથે ધુમ્મસનું પ્રમાણ વધશે : હવામાન વિભાગ

નવી દિલ્હીઃ રવિવાર સાંજેં દિલ્હી-એનસીઆરના કેટલાક ભાગોમાં વરસાદ પડયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં શહેરના કેટલાક ભાગોમાં વધુ વરસાદ પડી શકે છે. આજે પશ્ચિમ દિલ્હી, ઉત્તર દિલ્હીના બાહ્ય વિસ્તારો અને ગુરુગ્રામમાં વરસાદ પડયો હતો.

દિલ્હી-એનસીઆરમાં રવિવાર સાંજે વરસાદ પડવાથી હવામાન બદલાઇ ગયું હતું. હવામાન વિભાગે દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં ઠંડી વધવાની



શક્યતા દર્શાવી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર ૧૦ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી દિલ્હીમાં શીતલહેરની શરૂઆત થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના લોકોને ખાસ સર્તક રહેવાની જરૂર છે. આ વિસ્તારોમાં કડકડતી ઠંડીની સાથે ધુમ્મસની અસર જોવા મળશે.દિલ્હીમાં વરસાદ પડવાને કારણે ઠંડી વધી ગઇ છે. દિલ્હીનું લઘુતમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ૧૦ ડિસેમ્બર પછી લઘુતમ તાપમાન ૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જઇ શકે છે. હરિયાણાના હિસારમાં લઘુતમ તાપમાન ૪.૭ ડિગ્રી નોંધવામાં આવ્યું હતું. આ દરમિયાન હિમાચલ પ્રદેશના શિમલામાં સિઝનની પ્રથમ બરફ વર્ષા થઇ હતી. શિમલામાં લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. મનાલીમાં ૦.૨ ડિગ્રી, કુફરીમાં ૦.૪ ડિગ્રી, સોલનમાં ૦.૫ ડિગ્રી, ઉનામાં ૧ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં પણ તાપમાન શૂન્યથી નીચે નોંધવામાં આવ્યું હતું. શૂન્યથી નીચે તાપમાન જતું રહેતા પાણીની પાઇપ બરફથી થીજી ગઇ હતી. શ્રીનગરમાં આજે લઘુતમ તાપમાન માઇનસ ૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ઝોજીલા માઇનસ ૧૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# લોહિયાળ સંઘર્ષ તીવ્ર બનશે



લગભગ ૫૦ વર્ષના લોહિયાળ સંઘર્ષ અને લાખો લોકોની હત્યા પછી અલ-અસદ પરિવારના વિરોધીઓને સફળતા મળી છે પણ તેના કારણે સીરિયાના કઠણાઈનો અંત નહીં આવે. સીરિયામાં લોહિયાળ સંઘર્ષ તો ચાલુ જ રહેશે, બલ્કે વધારે તીવ્ર બનશે. અત્યાર સુધી બશર અને તેના વિરોધીઓ જ લડતા હતા પણ તેના બદલે એક કરતાં વધારે મોરચા ખૂલી જશે. એક તરફ હયાત તહરિર અલ-શામના લડવૈયા, બીજી તરફ ઈરાન-રશિયાનું પીઠબળ ધરાવતા બશરના વફાદારો, ત્રીજી તરફ હિઝબુલ્લાહ સહિતનાં શિયા સંગઠનો ને ચોથી તરફ અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ જેવાં કટ્ટરવાદી સંગઠનો છે. અમેરિકા તો અત્ર,તત્ર,સર્વત્ર છે જ એ જોતાં સીરિયામાં ભયંકર લોહિયાળ જંગ જામશે.

અંતે સીરિયા પર મુસ્લિમ કટ્ટરવાદીઓનો કબજો થઈ ગયો અને છેલ્લાં ૨૫ વર્ષથી સત્તા ભોગવતા પ્રમુખ બશર અલ-અસદે દેશ છોડીને ભાગી જવું પડ્યું. અલ કાયદાથી અલગ થઈને બનેલા સીરિયન કટ્ટરવાદીઓના સંગઠન હયાત તહરિર અલ-શામના લડવૈયાઓએ જબરદસ્ત આક્રમણ કરીને શનિવાર સુધીમાં બશર સરકારના હાથમાંથી અલેપ્પો અને હમા એ બે શહેરો ઝૂંટવી લીધાં ત્યારે જ બશરનું પતન સૌને દેખાવા માંડેલું પણ બશર કાયરની જેમ ભાગી જશે એવી કોઈને કલ્પના નહોતી.

શનિવારે કટ્ટરવાદીઓ સીરિયાની રાજધાની દમાસ્કસથી લગભગ ૨૦ કિલોમીટર દૂર હતા તેથી રવિવારે દમાસ્કસ પર કબજો માટે જોરદાર જંગ જામશે એવું લાગતું હતું પણ તેના બદલે બશર તો પોતાના પ્રાઈવેટ પ્લેનમાં છૂ થઈ ગયા. બશર પાસે ૧૦ હજાર કરતાં વધારે ખતરનાક લડવૈયાઓનું શબિહા પ્રાઈવેટ આર્મી હતું. સીરિયાના લશ્કરના ઘણા ઓફિસર પલટી મારીને હયાત તહરિર અલ-શામ સાથે જોડાઈ ગયા હતા તેથી સીરિયાનું આર્મી મુકાબલો કરે એવી શક્યતા નહોતી પણ કમ સે કમ શબિહા તો દમાસ્કસને કટ્ટરવાદીઓના હાથમાં જતું રોકવા લડશે એવું લાગતું હતું. તેના બદલે બશરની પ્રાઈવેટ આર્મી પણ પાણીમાં બેઠી.

રવિવારે સવારે હયાત તહરિર અલ-શામના લડવૈયા દમાસ્કસમાં ઘૂસ્યા ત્યારે તેમની સામે કોઈ લડનારું જ નહોતું. બલ્કે સામાન્ય લોકોએ અભિવાદન કરીને તેમને આવકાર્યા. બશર ક્યાં ગયા એ કોઈને ખબર નથી પણ મોટા ભાગે ઈરાન ભાગી ગયાનું મનાય છે. બશરની ગેરહાજરીમાં સીરિયાની સરકારના વડા એવા વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલીએ કટ્ટરવાદીઓ સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. અલ-જલાલીએ કટ્ટરવાદીઓને સરકાર રચવામાં મદદની તૈયારી બતાવી છે.

હયાત તહરિર અલ-શામના કમાન્ડર અહેમદ અલ-શારાએ આ ઓફરને સ્વીકારીને પોતાના લડવૈયાઓને સંસદ સહિતનાં કોઈ પણ જાહેર સ્થળે નહીં જવા ફરમાન કર્યું છે. અલ-શારાએ એલાન કર્યું છે કે, સંસદ સહિતની જાહેર સંસ્થાઓ પોતાના સંગઠનને સત્તાવાર રીતે સોંપવામાં ન આવે ત્યાં સુધી ભૂતપૂર્વ વડા પ્રધાન અલ-જલાલીની દેખરેખ હેઠળ રહેશે.અલ-જલાલી અને અલ-શારા બંનેનું વલણ જોતાં દમાસ્કસમાં કોઈ ખૂનામરકી થવાની શક્યતા નથી. અલ-જલાલી એકાદ-બે દિવસમાં સત્તાના હસ્તાંતરણની વિધી પૂરી કરે એ સાથે જ સીરિયામાં સત્તાની કમાન હયાત તહરિર અલ-શામના હાથમાં આવી જશે. સીરિયામાં બશરનું પતન બહુ મોટી ઘટના છે કેમ કે અલ-અસદ પરિવાર સીરિયા પર ૫૩ વર્ષથી રાજ કરતો હતો. ૧૯૭૧થી ૨૦૦૦ સુધી હાફેઝ અને પછી અત્યાર સુધી તેમના દીકરા બશરે રાજ કર્યું.

# મહારાષ્ટ્ર વક્ફ બોર્ડે ૩૦૦ એકર જમીન પર દાવો ઠોક્યો, ૧૦૩ ખેડૂતોને મોકલાઈ નોટિસ

મહારાષ્ટ્રના લાતૂર જિલ્લામાં ૧૦૦ થી વધારે ખેડૂતોએ શનિવારે દાવો કર્યો કે, વક્ફ બોર્ડ તેમની એ જમીન કબ્જે કરવાનો પ્રયાસ કરી રહી છે, જેના પર તે અનેક પેઢીઓથી ખેતી કરી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે, આ દાવો છત્રપતિ સંભાજીનગર સ્થિત મહારાષ્ટ્ર સ્ટેટ વક્ફ ટ્રિબ્યુનલમાં નોંધ દાખલ કરવામાં આવ્યો છે અને કુલ ૩૦૦ એકર જમીન ધરાવતા ૧૦૩ ખેડૂતોને નોટિસ આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે આ વર્ષે ૮ ઓગસ્ટે લોકસભામાં વક્ફ (સંશોધન) બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેથી વક્ફ બોર્ડના કામકાજને સુવ્યવસ્થિત કરી શકાય અને તેની સંપત્તિનું કુશળ કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરી શકાય. ધારાસભ્યની સંયુક્ત સંસદીય સમિતિ (જેસીપી) પાસે મોકલી દેવામાં આવ્યું છે.

આ પણ વાંચોઃ ચૂંટણીમાં પરાજય બાદ વિપક્ષમાં તિરાડઃ ઉદ્ધવ સેનાએ સમાજવાદી પાર્ટીને ગણાવી ભાજપની ઈ ટીમ

વક્ફનો અર્થ ઈસ્લામી કાયદા હેઠળ ધાર્મિક અથવા ધર્માર્થ ઉદ્દેશ્યો માટે સમર્પિત સંપત્તિઓ સાથે છે. વક્ફ અરબી ભાષાના વકુફા શબ્દથી બન્યો છેસ, જેનો અર્થ હોય છે થોભવું. વક્ફનો અર્થ છે ટ્રસ્ટ-સંપત્તિને જન-કલ્યાણ માટે સમર્પિત કરવું. ઈસ્લામમાં આ એક પ્રકારની સખાવતી વ્યવસ્થા છે. વક્ફ એવી સંપત્તિને કહે છે, જે ઈસ્લામમાં માનનાર લોકો દાન કરે છે. આ ચલ-અચલ બંને પ્રકારના હોય શકે છે. આ સંપત્તિ વક્ફ બોર્ડ હેઠળ આવે છે.

વક્ફ પાસે ઘણી બધી મિલકતો છે, જેની યોગ્ય રીતે જાળવણી અને સખાવતી હેતુઓ માટે ઉપયોગ કરી શકાય છે, આ માટે સ્થાનિકથી લઈને મોટા સ્તર સુધી ઘણી સંસ્થાઓ છે, જેને વક્ફ બોર્ડ કહેવામાં આવે છે. લગભગ દરેક રાજ્યમાં સુન્ની અને શિયા વક્ફ છે. તેમનું કામ તે મિલકતની કાળજી લેવાનું અને તેની આવકનો યોગ્ય ઉપયોગ કરવાનું છે. આ મિલકતમાં ગરીબ અને જરૂરિયાતમંદોને મદદ કરવી, મસ્જિદ અથવા અન્ય ધાર્મિક સંસ્થાની જાળવણી કરવી, શિક્ષણની વ્યવસ્થા કરવી અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ માટે નાણાં આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

કેન્દ્રએ વક્ફ બોર્ડ સાથે સંકલન કરવા માટે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલની રચના કરી છે. લઘુમતી બાબતોના મંત્રાલય હેઠળની સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલની વેબસાઈટ પર કહેવામાં આવ્યું છે કે હાલમાં દેશમાં કુલ ૩૨ વક્ફ બોર્ડ છે.

# ડોલરને નબળો પાડવાનો કોઈ ઈરાદો નથી, ટ્રમ્પની ચીમકી બાદ વિદેશ મંત્રી જયશંકરની સ્પષ્ટતા

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે(૭ ડિસેમ્બર) દોહા ફોરમમાં અમેરિકન ડોલર અને વૈશ્વિક રાજકારણ પર પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે, ભારત ક્યારેય અમેરિકન ડોલર પરની નિર્ભરતા ઓછી કરવાના પક્ષમાં રહ્યો નથી. નોંધનીય છે કે, તાજેતરમાં અમેરિકાના ભાવી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને ચીમકી ઉચ્ચારી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, જો બ્રિક્સ દેશો અમેરિકન ડોલરને નબળો પાડવાનો પ્રયાસ કરશે તો તેમના પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવામાં આવશે. જોકે, જયશંકરે આ અંગે નિવેદન આપી ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે, 'હાલ બ્રિક્સ કરન્સીને લઈને સંગઠનમાં સામેલ દેશો વચ્ચે કોઈ સમજૂતી થઈ નથી. આ મામલે હજુ સુધી કોઈપણ દેશનું વલણ સ્પષ્ટ થયું નથી. દરેક દેશના પોતાના હિત હોય છે અને તેઓ ઘણા મુદ્દે સંમત કે અસંમત થઈ શકે છે. હું ટ્રમ્પના નિવેદન પાછળના કારણો સ્પષ્ટ નથી કરી રહ્યો, પરંતુ ભારતનું વલણ હંમેશાથી એ જ રહ્યું છે કે તે ડી ડોલરાઈઝેશનનું સમર્થક નથી.'



જયશંકરે વધુમાં કહ્યું કે, 'ભારતનો અભિગમ વધુ નવીન અને સહભાગી રાજદ્વારી સંબંધો વિકસાવવા તરફ છે. વિશ્વના તમામ દેશોએ હવે પશ્ચિમનું પ્રભાવ ઘટાડવા પ્રયાસ કરવા જોઈએ. વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને રાજદ્વારીઓએ નવી રણનીતિ અપનાવવાની જરૂર છે અને ભારત આ દિશામાં પોતાનું નેતૃત્વ દેખાડી રહ્યું છે.'

દોહા ફોરમમાં પોતાના મંતવ્યો વ્યક્ત કરતા જયશંકરે કહ્યું કે, 'આ દુનિયાની વાસ્તવિકતા ખૂબ જ જટિલ અને સૂક્ષ્મ છે. તેમણે કહ્યું કે દરેક દેશ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની રણનીતિ પોતાના રાષ્ટ્રીય હિતો અનુસાર અપનાવે છે અને ક્યારેક એક જ દેશ અનેક મુદ્દાઓ પર અનેક સંયોજનોમાં કામ કરે છે.'

# ફરી ખેડૂત આંદોલન!

## ખેડૂતોને દિલ્હી જતા રોકવાનો પ્રયાસ

ખેડૂતોના મુદ્દાઓને લઈને શંભુ બોર્ડર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શનનો ૧૨મો દિવસ શરૂ છે. ખેડૂત નેતા સરવન સિંહ પંધેરે કહ્યું કે, 'ખેડૂતો સાથે થઈ રહેલી ક્રૂરતાને લઈને હવે ચૂપ બેસવામાં આવશે નહીં.' તેમણે ઘોષણા કરી કે બુધવારના બપોરના ૧૨ વાગ્યે ૧૦૧ ખેડૂતોનું એક જૂથ શાંતિપૂર્વક દિલ્હી જવા રવાના થશે. સરવન સિંહે પંધેરે કહ્યું કે, 'અમારી ભુખ હડતાલના ૧૨માં દિવસમાં પ્રવેશ કરી લીધો છે. આ સંઘર્ષ અમારા અધિકારો અને ન્યાય માટેનો છે. ખેડૂતોનું જૂથ શાંતિપૂર્વક આગળ વધશે અને કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે નહીં.' જ્યારે સરકારે ખેડૂતોને દિલ્હી જતા રોકવા કોંક્રિટની દીવાલ, લોખંડની જાળી, રોડ પર ખીલા અને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



સરવન સિંહે પંધેરે કહ્યું કે, 'શંભુ બોર્ડર પર ગત શુક્રવારે હરિયાણા પોલીસ સાથે અથડામણમાં ૧૬ ખેડૂતો ઈજાગ્રસ્ત થયા છે અને આશરે ૨૫ જેટલાં લોકો સામાન્ય ઈજાઓ પહોંચી છે.' બીજી તરફ, સરકારે પંજાબના ખેડૂતોની દિલ્હી કૂચને રોકવા માટે હરિયાણા-પંજાબ બોર્ડર પર બીજા દિવસે પણ સતર્કતા જાળવી રાખી હતી. જેમાં અંબાલા, હરિયાણા અને દિલ્હી-હરિયાણાની શંભુ બોર્ડર પર મોટાપાયે સુરક્ષા તૈનાત કરી દેવામાં આવી રહી છે. જેમાં ખેડૂતોને રોકવા માટે કોંક્રિટની દીવાલ, લોખંડની જાળી, રોડ પર ખીલા અને બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જો કે, બોર્ડર પર બીજા દિવસે પણ ખેડૂતોની હલચલ ન થવાથી રસ્તો બંધ કરાયો નથી, પરંતુ કોઈપણ પરિસ્થિતિને નિવારવા માટેની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વખતે ખેડૂત આંદોલનનું રૂપ બદલાઈ રહ્યું છે. ગઈ વખતે ખેડૂતો ટ્રેક્ટર-ટ્રોલી લઈને દિલ્હી જવા માંગતા હતા, પરંતુ આ વખતે થોડા કેટલાક દિવસથી હરિયાણા પંજાબની શંભુ બોર્ડર પર રહેલા ખેડૂતો ચાલીને જવા માટે દિલ્હી કૂચ કરવાનું એલાન કર્યું છે. જો કે, આ ખેડૂતોને દિલ્હીમાં આંદોલન માટે અનુમતિ મળી નથી. જ્યારે બોર્ડર પર બંને તરફથી વાહનોની અવરજવર શરુ છે.

હરિયાણાના ડીજીપીએ પંજાબના ડીજીપીને એક ચિઠ્ઠી લખીને જણાવ્યું હતું કે, મીડિયા કર્મીઓને પ્રદર્શન સ્થળથી ઓછામાં ઓછા એક કિલોમીટર દૂર રાખવા જેથી સુરક્ષા જળવાઈ અને કાયદો-વ્યવસ્થા પણ જળવાઈ રહે. જ્યારે ખેડૂત આંદોલનને ધ્યાનમાં રાખીને આજે શનિવારે એસપી રાજેશ કાલિયાએ પંજાબ બોર્ડર પર નિરીક્ષણ કર્યું હતું. જેમાં એસપી રાજેશે પોલીસકર્મીઓ અને અધિકારીઓને કાયદો-વ્યવસ્થા જાળવવા સૂચના આપી હતી. આ સાથે ફરજ પર હોય ત્યારે, પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને હેલ્મેટ, બોડી પ્રોટેક્ટર, કેન-શીલ્ડથી સજ્જ રહેવા નિર્દેશ કર્યો.

ફેબ્રુઆરીમાં ખેડૂતોને રોકવા માટે હરિયાણા-પંજાબ બોર્ડર પર નક્કર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમયે ઘગ્ગર નદી પુલ પર ખેડૂતોને રોકવા માટે નદીના પુલ પર કિલ્લા, સળિયા, સિમેન્ટના ભારી બ્લોક, બુલડોઝર, રોડ રોલર અને બેરિકેડિંગ પણ કરવામાં આવ્યું હતું. જ્યારે દોઢ મહિના બાદ રસ્તો ખોલવામાં આવ્યો હતો. જેમાં હવે આઠ મહિના બાદ ફરીથી ખેડૂતોને રોકવાની સ્થિતિ ઊભી થઈ છે, ત્યારે બોર્ડર ફરીથી સુરક્ષા વધારી દેવાઈ હતી. જ્યારે પંજાબ તરફથી ખેડૂતોની કોઈ હલચલ નથી.

## ખેડૂત આંદોલનને લઈને સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી, પ્રદર્શનકારીઓને હાઈવેથી હટાવવાની માગ

શંભુ બોર્ડર પર ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચ સ્થગિત કરી દીધી છે. ત્યારે ખેડૂત આંદોલનના મામલે આવતીકાલે એટલે કે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થશે. જોકે, સુપ્રીમ કોર્ટમાં પહેલા એક અરજી દાખલ કરવામાં આવી હતી, તેમાં શંભુ બોર્ડર સહિત તમામ હાઈવેને ખોલવાના નિર્દેશ કેન્દ્ર, પંજાબ અને હરિયાણા સરકારને આપવાની માગ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટ આવતીકાલે આ મામલે સુનાવણી કરશે.



અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારે હાઈવે પર અતિક્રમણ કરવું તે લોકોના મૌલિક અધિકારો વિરૂદ્ધ છે. સાથે જ આ નેશનલ હાઈવે એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (ઈગજ) હેઠળ પણ ગુનો છે. તેવામાં હાઈવેને રોકનારા વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટ કેન્દ્ર, પંજાબ અને હરિયાણા સરકારને પ્રદર્શનકારી ખેડૂતોને હાઈવેથી હટાવવાના આદેશ આપે.શંભુ બોર્ડરથી ખેડૂતોને હટાવવાના મામલે ૭ નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે આવતીકાલે સુનાવણી થવાની છે. અરજીમાં એ સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે કે આંદોલનકારી ખેડૂતો દ્વારા તમામ રાષ્ટ્રીય રાજમાર્ગ અને રેલવે ટ્રેક બાધિત ન કરવામાં આવે અને રાજ્ય-કેન્દ્રને સામાન્ય જનતા માટે સુગમ માર્ગ સુનિશ્ચિત કરવો જોઈએ.જણાવી દઈએ કે, શંભુ બોર્ડરથી ૧૦૧ ખેડૂતોનો જત્થાને દિલ્હી કૂચ કરવાના ઈરાદાથી આગળ વધ્યો, પરંતુ હરિયાણાના સુરક્ષાકર્મીઓ દ્વારા આંસૂ ગેસના ગોળા છોડ્યા બાદ પ્રદર્શનકારી ખેડૂતોએ દિલ્હી માટે પગપાળા માર્ચ સ્થગિત કરી દીધી.

# શિયાળો જામતાં પોંકની મોસમ ખીલી ઉઠી, પ્રતિદિન હજારો કિલો પોંકનુ ધૂમ વેચાણ

## કિટ્ટી પાર્ટીમાં શિયાળુ અલ્પાહાર પોંકની જિયાફત માણતી મોર્ડન ગૃહિણીઓ

ભાવનગર : શિયાળો જામતા સમગ્ર ગોહિલવાડમાં પોંકની મોસમ ખરા અર્થમાં ખીલી ઉઠી છે. ભાવનગર શહેર અને જિલ્લાના છેવાડાના અનેક ખાણી-પીણીના કેન્દ્રોમાં શિયાળુ અલ્પાહાર પોંકનું ધૂમ વેચાણ થઈ રહ્યુ છે. ખાસ કરીને સુરત તરફથી આવતી ખાનગી લકઝરી બસોમાં મુસાફરો તેમના સ્વજનો માટે ખાસ કરીને પોંકનો નાસ્તો લાવતા થયા છે. શહેરમાં યોજાઈ રહેલી કિટ્ટી પાર્ટીમાં પણ હવે મોર્ડન ગૃહિણીઓ પોંકની જયાફત માણી રહ્યા છે. સ્વાસ્થ્યવર્ધક શિયાળાની ઋતુના પ્રારંભની સાથે જ ભાવનગર શહેરની મુખ્ય મુખ્ય અને પરા વિસ્તારોની શાકમાર્કેટ, ઘોઘાગેટ, માર્કેટ યાર્ડ, શિવાજી સર્કલ, ભરતનગર, કણબીવાડ, વડવા તેમજ કાળીયાબીડ સહિતના રહેણાંકીય વિસ્તારોમાં આવેલ શાકમાર્કેટ આસપાસ લારીગલ્લાઓમાં પ્રતિદિન ઢગલામોઢે શિયાળું પોંકનુ વેચાણ થઈ રહ્યુ છે. એટલુ જ નહિ, પોંકના સ્વાદના શોખીનોમાં ખાસ કરીને સુરત



તરફથી પણ સ્પેશ્યલ કેસ તરીકે પોંકના પાર્સલ મંગાવવાનો ક્રેઝ ઉત્તરોત્તર વધી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ક્યારેક ક્યારેક સુરતના પોંકના નામે પણ નબળી ગુણવત્તાવાળા પોંક ગ્રાહકોને ધાબડી દેવામાં આવતા હોય છે. હાલ ગોહિલવાડમાં વેચાઈ રહેલા પોંકની ગુણવત્તા અંગે ખેડૂતો અને વિક્રેતાઓમાં મત મતાંતર પણ પ્રવર્તિ રહ્યા છે. સામાન્ય રીતે શિયાળો બેસતા જ પોંકની સિઝન ખિલી ઉઠે છે. જયારે ગ્લોબલ સિઝન અને છાસવારે કમોસમી વરસાદની પોંકની સિઝનમાં અસર વર્તાતી હોય છે.

હાલ શહેરમાં પોંક કિલોના રૂા ૧૦૦ આસપાસના ભાવે એક કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. પોંકના ઉત્પાદનકર્તા ખેડૂત કમ વિક્રેતાએ જણાવ્યા મુજબ પોંકની જુવાર પોચી હોય છે. તેથી તેની કાળજી વધુ લેવાય છે. તેને તબકકાવાર વાવવામાં આવે તો જ બે બે અઠવાડિયે નવી જુવારના ડોંડા મળે છે અને લોકોને તાજો પોંક ખાવા મળે છે. મૂળ ભાવનગરના વતની અને ધંધા રોજગાર અને નોકરી અર્થે સુરત સાઈડ વસતા વતનપ્રેમીઓ લગ્નસરા કે પ્રસંગોપાત ભાવનગર આવે છે ત્યારે તેઓ અચૂક તેઓના સગા,સ્વજનો માટે ખાસ પોંકના પાર્સલ લેતા આવતા હોય છે.

# વિજ્ઞાનીઓની 'અવિશ્વસનીય' નવી શોધ, હૃદયમાં પણ એક નાનું મગજ ગોઠવાયેલું હોવાનો દાવો

## હૃદયના ધબકારાંને નિયંત્રિત કરવામાં આ લીટલ બ્રેઇન ચાવીરૂપ ભૂમિકા ભજવે છે

યુએસની કારોલિન્સ્કા ઈન્સ્ટિટયુટ અને કોલંબિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ દ્વારા એક મોટી શોધ કરવામાં આવી છે કે હૃદયનું તેનું આગવું ચેતાતંત્ર છે જે હૃદયના ધબકારાંને નિયંત્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વિજ્ઞાનીઓએ આ નવી શોધને મીની બ્રેઇન તરીકે ઓળખાવી છે. નેચર કમ્યુનિકેશન્સ સામયિકમાં પ્રકાશિત આ અભ્યાસને પગલે હૃદય વિશેની લાંબા સમયથી કેળવાયેલી સમજ સામે પડકાર ઉભો થયો છે.

પરંપરાગત રીતે એમ સમજવામાં આવતું હતું કે હૃદયની કોશિકાઓનું નેટવર્ક એક સરળ રિલે સિસ્ટમ છે જેનું કામ મગજમાંથી આવતાં સંદેશાઓ હૃદયને પહોંચાડવાનું છે. જો કે, હવે સંશોધકોએ શોધી કાઢ્યું છે કે હૃદયની દિવાલમાં ન્યુરોનનું એક સંકુલ નેટવર્ક



આવેલું હોય છે જે હૃદયના ધબકારાંનું નિયમન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કારોલિન્સ્કા ઈન્સ્ટિટયુટના મુખ્ય સંશોધક કોન્સ્ટન્ટિનોસ એમપત્ઝીસે જણાવ્યું હતું કે જેમ શ્વાસને નિયંત્રિત કરવામાં મગજની ભૂમિકા મહત્વની છે તેવી જ રીતે હૃદયના ધબકારાંને નિયંત્રિત કરવામાં આ લીટલ બ્રેઇન ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ આંતરિક ચેતાતંત્રની સંકુલતા વિશે આશ્ચર્ય વ્યક્ત કરતાં એમપત્ઝીસે જણાવ્યું હતું કે તેને સમજવાથી હૃદયરોગોની બહેતર સારવાર વિકસાવવામાં સહાય મળશે.સંશોધકોની ટીમે ઝેબ્રાફિશનો ઉપયોગ તેમના સંશોધન માટે કર્યો હતો. આ માછલીનું મગજ માનવમગજ સાથે સામ્ય ધરાવતું હોઇ તે આ પ્રકારના સંશોધનો માટે આદર્શ મોડેલ ગણાય છે.


સંશોધકોએ હૃદયમાં જ વિવિધ પ્રકારના મજ્જાતંતુઓ શોધી કાઢ્યા છે જેમાં દિલના લયને અસર કરતાં પેસમેકર મજ્જાતંતુઓનો પણ સમાવેશ થાય છે. આ સંશોધનને કારણે હૃદયરોગો અને તેની સંભવિત સારવારો પર મોટી અસર પડશે. આ અભ્યાસ હાથ ધરવા માટે સંખ્યાબંધ ફાઉન્ડેશન્સે હાથ મિલાવ્યા હતા. આ બાબતે વધારે સંશોધન કરવા પર ભાર મુકતાં સંશોધકોએ જણાવ્યું હતું કે આ ચેતાતંત્ર ખોરવાઈ જવાથી વિવિધ હૃદયરોગો પર કેવી અસર થાય છે તે સમજવું રસપ્રદ બની રહેશે.

# લસણના ભાવ બે માસથી આસમાનને આંબેલા હોવા છતાં માંગ યથાવત

## શિયાળાની ઋતુમાં ઉંધિયું અને ઓળાની સિઝન જામતા લસણની માંગમાં દિન-પ્રતિદિન થઈ રહેલો ઉત્તરોત્તર વધારો

ભાવનગર : રસોઈને વધુ સ્વાદિષ્ટ અને ટેસ્ટફૂલ બનાવવામાં સિંહફાળો આપનાર લસણના ભાવ છેલ્લા બે માસથી સતત આસમાનને આંબેલા રહ્યા હોવા છતાં તેની માંગમાં ઘટાડો થયો નથી. હાલ આરોગ્યવર્ધક શિયાળાની ઋતુમાં ચોતર.લીલા શાકભાજીનું ઉંધીયુ તેમજ કાઠીયાવાડી જમણ ઓળા રોટલાની સીઝન પુરબહારમાં જામી છે ત્યારે ઉંચા ભાવ હોવા છતાં લસણની ડિમાન્ડમાં વધારો થયો છે. ભાવનગર શહેરની મુખ્ય અને પરા વિસ્તારોની શાકમાર્કેટમાં હાલ લસણ રૂા ૫૦ થી લઈને રૂા ૮૦ નુ અઢીસો ગ્રામ તેમજ રૂા ૫૦૦ આસપાસના ભાવે એક કિલો લેખે લસણ વેચાઈ રહેલ છે. ગત વર્ષે પણ સૌરાષ્ટ્રના ગોંડલ સહિતના અનેક સ્થળોએ લસણનું વાવેતર પ્રમાણમાં ઓછુ થયુ હતુ. તેથી ગત પહેલા નોરતાથી જ લસણનો સ્ટોક ઘટી રહ્યો છે. હવે આગામી તા.૧૫ ફેબ્રુઆરી બાદ જ નવુ લસણ બજારમાં આવશે તેથી ત્યાં સુધી લસણના ભાવ ઘટવાની જરાપણ શકયતા નથી તેમ લસણના જથ્થાબંધ વિક્રેતાએ જણાવી વધુમાં ઉમેર્યુ હતુ કે, હવે સંગ્રહાયેલ લસણનો જથ્થો ઘટશે તો હાલના લસણના ભાવમાં પણ વધારો થાય તેવી આશંકા જણાઈ રહેલ છે. સામાન્ય રીતે દર વર્ષે શિયાળામાં ઓળા રોટલાની સીઝન તેમજ લીલાછમ્મ શાકભાજીની આવક વધતા ઉંધીયાનો વપરાશ દિન પ્રતિદિન વધે છે.એટલુ જ નહિ કાઠીયાવાડી ભોજન ઉપરાંત લગ્નસરાની સીઝન જામતા લસણ અને ડુંગળીનો ઉપાડ વધી રહ્યો છે તેથી હજુ ડિસેમ્બર મહિનાના અંત સુધી લોકોએ લસણના ઉંચા ભાવ ચૂકવવા તૈયાર રહેવુ પડશે ત્યાર બાદ ગોંડલ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી નવી આવક ઉત્તરોત્તર વધતા લસણના ભાવમાં ઘટાડો થશે.

# ટ્રાફિક નિયમ ભંગ કરવામાં ગુજરાતીઓ દેશમાં ૧૧માં ક્રમે, દરરોજ સરેરાશ રૂ.૩૭ લાખનો દંડ ચૂકવે છે



હેલમેટ નહીં પહેરવી, સીટ બેલ્ટ નહીં બાંધવો, લાઈસન્સ વગર વાહન ચલાવવું જેવા વિવિધ કારણોસર ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૧૮૨૫ વાહન ચાલકો દંડાય છે. તેમની પાસેથી કુલ સરેરાશ ૩૭ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. આમ પ્રત્યેક વાહન ચાલકો દરરોજ સરેરાશ રૂપિયા બે હજારનો દંડ ચૂકવે છે.

**સૌથી વધુ વાહન ચાલકો દંડાતા હોય તેવા રાજ્યોમાં તામિલનાડુ મોખરે**

મળતી માહિતી અનુસાર, ગુજરાતમાં પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન રાજ્યમાંથી કુલ ૩૩.૩૧ લાખ ચલાન ઈસ્યુ થયેલા છે અને તેમના દ્વારા ૬૮૦ કરોડ રૂપિયાનો દંડ ચૂકવવામાં આવ્યો છે. અલબત્ત, અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં વાહન ચાલકોને ચલાન ઈસ્યુ થવાનું પ્રમાણ ઓછું છે. આ દરમિયાન તામિલનાડુમાંથી સૌથી વધુ ૫.૫૭ કરોડ ચલાન ઈસ્યુ થયેલા અને વાહન ચાલકો પાસેથી ૭૫૫ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ઉત્તપ્ર દેશના વાહન ચાલકોને ૪.૪૦ કરોડ મેમો ઈસ્યુ થયેલા અને અને ત્યાંના વાહન ચાલકોએ અધધધ ૨૪૯૫ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. સૌથી વધુ મેમો ઈસ્યુ થવામાં કેરળ ત્રીજા, હરિયાણા ચૌથા અને દિલ્હી પાંચમાં સ્થાને છે. જાણકારોના મતે, અકસ્માતના કેસ વધારે થાય ત્યારે વર્ષના વચલે દહાડે ટ્રાફિક પોલીસ ડ્રાઈવ યોજીને સંતોષ માની લે છે. હકીકતમાં આ ટ્રાફિક ડ્રાઈવ જેવો માહોલ વર્ષમાં મોટાભાગના દિવસ હોવો જોઈએ. પૂરપાટ દોડતા તેમજ મોબાઈલ પર વાત કરતાં-કરતાં વાહન ચલાવ નારાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે.હેલમેટ નહીં પહેરવી, સીટ બેલ્ટ નહીં બાંધવો, લાઈસન્સ વગર વાહન ચલાવવું જેવા વિવિધ કારણોસર ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૧૮૨૫ વાહન ચાલકો દંડાય છે. તેમની પાસેથી કુલ સરેરાશ ૩૭ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. આમ પ્રત્યેક વાહન ચાલકો દરરોજ સરેરાશ રૂપિયા બે હજારનો દંડ ચૂકવે છે.

# રાજ્યમાં આવતા પવનોની દિશા બદલાતા ઠંડીનો ચમકારોઃ ગુજરાતમાં હવે ઠંડી વધશે

## ૨૪ કલાકમાં જ નલિયાનું લઘુત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી ઘટ્યું, વર્ષનું સૌથી ઓછું તાપમાન નલિયામાં નોંધાયું,



અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી અનુસાર નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં તાપમાનમાં ઉતાર-ચઢાવ જોવા મળવાનો હતો. તે મુજબ જ છેલ્લા બે દિવસમાં ફરી એક વખત રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, તેથી ઠંડીનું જોર વધ્યું છે. હજુ પણ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો અનુભવાશે. કારણ કે, ગત સપ્તા દરમિયાન ગુજરાત પર આવતા પવનોની દિશા જે ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી હતી તે બદલાઈને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી થઈ છે. જેથી રાજસ્થાનના સૂકા રણ પ્રદેશમાંથી પવન ગુજરાત સુધી આવી રહ્યા છે, તેથી ઠંડા પવનોને કારણે ગુજરાતમાં પણ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. મોડી રાત્રે અને વહેલી સવારે આ ઉપરાંત દિવસ દરમિયાન પણ મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. હજુ પણ આગામી ૨૪ કલાક દરમિયાન કેટલાક જિલ્લાઓમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધી લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટી શકે છે, જેથી ડિસેમ્બરની ઠંડીનો અનુભવ થશે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે નવેમ્બર મહિનામાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન વધુ રહેતા ઠંડીનો અનુભવ ઓછા પ્રમાણમાં થયો હતો. ત્યારે ડિસેમ્બર મહિનામાં રાજ્યનું આ વર્ષનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન છેલ્લા ૨૪ કલાક દરમિયાન નલિયામાં નોંધાયું હતું. નલિયામાં ગત ૨૪ કલાક દરમિયાન ૧૦.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું, જે ફક્ત ૨૪ જ કલાકમાં ૨.૪ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું હતું.

# ગુજરાત એસ.ટી. નિગમમાં ૧૬૫૮ હેલ્પરોની સીધી ભરતી કરાશે

## તા.૫ જાન્યુઆરી સુધી અરજી કરી શકાશે પાંચ વર્ષ સુધી રૂા.૨૧,૧૦૦ ફિક્સ પગાર મળશે



રાજકોટ, તા.૭

ગુજરાત એસ.ટી. વિભાગમાં ૧૬૫૮ હેલ્પથની સીધી ભરતી કરાશે જેની ૫ જાન્યુઆરી સુધી કરી શકાશે. આ ભરતી માટે વય મર્યાદા ૧૮ થી ૪૦ વર્ષ સુધીની રાખવામાં આવી છે. જ્યારે સિલેક્ટ થયેલા હેલ્પરને આગામી પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર ૨૧,૧૦૦ રૂપિયા મળશે.

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન () દ્વારા એસ.ટી. વિભાગમાં ૧૬૫૮ હેલ્પરની સીધી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ માટે આગામી ૫ જાન્યુઆરી રાતે ૧૨ વાગ્યા સુધી અરજી કરી શકાશે.

આ ભરતી માટે વય મર્યાદા ૧૮ થી ૪૦ વર્ષ સુધીની રાખવામાં આવી છે. જ્યારે સિલેક્ટ થયેલા હેલ્પરને આગામી પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર ૨૧,૧૦૦ રૂપિયા મળશે. આજથી જ ફોર્મ ભરાવાનું શરૂ થઈ ગયું છે. જ્યારે ફી ભરવા માટે એક વધારાનો દિવસ આપવામાં આવ્યો છે. એટલે કે ૭ જાન્યુઆરી સુધી આ ભરતી માટે ફી સ્વીકારવામાં આવશે.

ઑપન કેટેગરીમાં ૪૯૪ પુરુષ અને ૨૪૩ મહિલા માં ૧૩૦ પુરુષ અને ૬૪ મહિલા માં ૨૪૪ પુરુષ અને ૧૨૦ મહિલા માં ૬૯ પુરુષ અને ૩૪ મહિલા માં ૧૭૪ પુરુષ અને ૮૬ મહિલા આ ઉપરાંત માજી સૈનિક માટે ૩૩૧ અને દિવ્યાંગો માટે ૬૬ જગ્યા અનામત રાખવામાં આવી છે. જેમાં વય મર્યાદા પણ ૪૫ વર્ષ સુધીની છૂટ આપવામાં આવી છે.

જે-તે ઉમેદવારે ઓછામાં ઓછું તો પાસ કરેલું હોવું જોઈએ. જેમાં મેકેનિક મોટર વ્હીકલ, ડીઝલ મેકેનિક, જનરલ મેકેનિક, ફીટર અથવા ટર્નર, ઈલેક્ટ્રિશિય અથવા શીટ મેટલ વર્કર, ઓટો મોબાઈલ્સ બોડી રિપેરર, વેલ્ડર, વેલ્ડર કમ ફેબ્રીકેટર, મશીનિસ્ટ, કાર્પેન્ટર, પેન્ટર, ઑટો મોબાઈલ પેઈન્ટ રિપેરરનો ઓછામા ઓછો એક વર્ષનો કોર્સ કરેલો હોવો જોઈએ. ધોરણ ૧૦ કક્ષાનું સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, ગુજરાતના વર્તમાન બનાવો- ૩૦ ગુણ ગુજરાતી વ્યાકરણ (ધોરણ ૧૦ કક્ષાનું) ૫ ગુણ અંગ્રેજી ગ્રામર (ધોરણ ૧૦ કક્ષાનું) ૫ ગુણ લાયકાત વિષય વસ્તુને લગતા પ્રશ્નો ૫૦ ગુણ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના પ્રશ્નો ૧૦ આમ કુલ ૧૦૦ માર્ક્સની પદ્ધતિથી લેખિત પરીક્ષા ૨ કલાકમાં આપવાની રહેશે. આ કસોટીમાં ઉતિર્ણ થવા માટે ૪૦ ગુણ મેળવવાના રહેશે.ગુજરાત એસ.ટી. વિભાગમાં ૧૬૫૮ હેલ્પથની સીધી ભરતી કરાશે જેની ૫ જાન્યુઆરી સુધી કરી શકાશે. આ ભરતી માટે વય મર્યાદા ૧૮ થી ૪૦ વર્ષ સુધીની રાખવામાં આવી છે. જ્યારે સિલેક્ટ થયેલા હેલ્પરને આગામી પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર ૨૧,૧૦૦ રૂપિયા મળશે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન () દ્વારા એસ.ટી. વિભાગમાં ૧૬૫૮ હેલ્પરની સીધી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ માટે આગામી ૫ જાન્યુઆરી રાતે ૧૨ વાગ્યા સુધી અરજી કરી શકાશે.

# ગુજરાતમાં ત્રણ વર્ષમાં જ ૧.૭૭ કરોડ આયુષ્યમાન કાર્ડ ઈસ્યુ

## દેશમાં કુલ આંકડો ૩૫.૮ કરોડ લોકસભામાં માહિતી અપાઈ



નવી દિલ્હી તા.૭


દેશમાં પી.એમ. જય આરોગ્ય યોજના હેઠળ ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં ૩૫.૮ કરોડ કાર્ડ બન્યા છે. જેમાં ગુજરાતમાં ત્રણ વર્ષમાં હેલ્થકાર્ડની સંખ્યા ૧.૭૭ કરોડ હોવાની માહિતી લોકસભામાં જાહેર કરાઈ છે.૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં, દેશભરમાં આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (-) હેઠળ ૩૫.૮ કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા છે,

જે સમગ્ર દેશમાં લાખો લોકોને સસ્તું આરોગ્યસંભાળ ઉપલબ્ધ કરાવે છે. આ પૈકી, છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં જારી કરાયેલા આયુષ્માન કાર્ડની કુલ સંખ્યા ૧,૭૭,૦૦,૦૩૨ છે.

ગુજરાતમાં, છેલ્લા ત્રણ વર્ષમાં જારી કરાયેલા કાર્ડની સંખ્યામાં સતત વધારો સાથે, યોજનાએ નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૪૫,૭૧,૦૨૩ કાર્ડ બનાવવામાં આવ્યા હતા, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૫૩,૩૩,૨૭૦ થઈ ગયા હતા.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ આંકડો આગળ વધીને ૭૭,૯૫,૭૩૯ પર પહોંચ્યો, જે રાજ્યમાં યોજનાની વધતી જતી પહોંચ અને અપનાવવાને દર્શાવે છે.આ માહિતી સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આપી હતી.

# જાન્યુઆરીથી ઘરબેઠા લર્નિંગ લાયસન્સ

## આધાર સાથે મોબાઈલ લીંકઅપ ધરાવનારા નવી સિસ્ટમનો લાભ લઈ શકશે વર્તમાન વ્યવસ્થા પણ ચાલુ રહેશે




અમદાવાદ તા.૭

લર્નિંગ લાયસન્સ મેળવવા માંગતા વાહન ચાલકો માટે રાહતના સમાચાર છે. જાન્યુઆરી મહિનાથી ઘરબેઠા જ લર્નિંગ લાયસન્સ કાઢી શકાશે અને તે માટે આરટીઓ કચેરી કે અધિકૃત કેન્દ્રો પર રૂબરૂ જવાની જરૂરિયાત નહીં રહે.

પરિવહન વિભાગના સૂત્રોએ કહ્યું છે કે સૂચિત યોજનાનો જાન્યુઆરીથી અમલ કરવાનો નિર્ણય લેવાયો છે. આધાર સાથે મોબાઈલ ફોન નંબર લીંક ધરાવતા લોકો તેનો લાભ લઈ શકશે. વિસ્તૃત વિચારણા તથા ચકાસણી બાદ નવી સીસ્ટમ લાગુ કરવાનું નકકી કરાયુ છે. પ્રવર્તમાન સિસ્ટમમાં લર્નિંગ લાયસન્સ માટે આરટીઓ કચેરી કે પોલીટેકનીક-આઈટીઆઈ જેવા અધિકૃત કેન્દ્રો પર રૂબરૂ જવુ પડે છે. કેન્દ્ર સરકાર દ્વારા લર્નિંગ ટેસ્ટ માટે અરજદાર ગમે ત્યાંથી પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા કહેવામાં આવ્યુ હતું. સૂત્રોએ કહ્યું કે નવી વ્યવસ્થા હેઠળ અરજદારના આધારકાર્ડના ડેટાના આધારે ફેસ રીકોગ્નીઝનથી સીસ્ટમ કામ કરશે. આ હેઠળ અવાજને ધ્યાને નહી લેવાય. રાજ્ય સરકારે તાજેતરમાં કોમ્પ્યુટર ટેસ્ટમાં ઉતીર્ણ થવા માટે માર્કસની મર્યાદા ઘટાડી હતી. અગાઉ ૧૫માંથી ૧૧ પ્રશ્નોના સાચા જવાબ આપવાનું ફરજીયાત હતું તે સંખ્યા હવે ૯ની છે. દેશના ૧૯ રાજ્યોમાં આ નવી સીસ્ટમ અપનાવી જ લીધી છે. આ સિસ્ટમ ફુલપ્રુફ હોવાની ચકાસણી કરીને જ ગુજરાતમાં લાગુ કરવા રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો. ગુજરાતે મહારાષ્ટ્ર મોડલ મુજબ આ સિસ્ટમ લાગુ કરવાનુ નકકી કર્યુ છે. આ સિસ્ટમ માટે વાહન ૪.૦ તથા સારથી ૪.૦માં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. ઘરબેઠા કે ઓફિસમાંથી જ લર્નિંગ લાયસન્સ પ્રક્રિયા માટે પરિવહન વેબસાઈટનો ઉપયોગ કરવાનો રહેશે. ઉમેદવારે રોડ સેફટીનો વિડીયો નિહાળવો પડશે અને પછી જ અરજી પરીક્ષા શકય બનશે. ૬૦ ટકા પ્રશ્નોના સાચા જવાબ બાદ તેની પ્રિન્ટઆઉટ પણ કાઢી શકશે.

# મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે જસદણ શહેરના રૂ. ૭૦૧.૦૫ લાખના ખર્ચે નિર્માણ પામનારા વિવિધ વિકાસકામોનું ખાતમુર્હુત કરાયું

## જસદણ-વીંછિયા પંથકને અનેકવિધ વિકાસ પ્રકલ્પો થકી સુંદર, સ્વચ્છ અને સમૃદ્ધ બનાવવાનું સપનું લોકભાગીદારી થકી સાકાર થશેઃ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા



રાજકોટ, તા.૯

ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ શહેરના રૂ. ૭૦૧.૦૫ લાખના ખર્ચે નિર્માણ પામનારા વિવિધ વિકાસકામોનું શાસ્ત્રોક્ત વિધિથી ખાતમુહુર્ત કરાયું હતું.

મંત્રીશ્રી કંવરજીભાઈ બાવળીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર જસદણ-વીંછિયા પંથકના સર્વાંગી વિકાસ માટે પ્રયાસશીલ છે. અહીં શિક્ષણ, આરોગ્ય, રસ્તાઓ, વીજળી, પીવાનું પાણી, વાહનવ્યવહાર જેવી પ્રાથમિક સુવિધાઓના વિકાસ કાર્યો તબક્કાવાર થાય, તે માટે વિશેષ પ્રયત્નો થઈ રહ્યા છે. ઘેલા સોમનાથ નજીક ઘેલો નદીમાં બારેમાસ પાણી રહે, તે હેતુસર પાઈપલાઈનના કામની મંજૂરીની કાર્યવાહી થઈ રહી છે. ત્યારે આજે ભૂમિપૂજન કરેલા વિકાસકામો નિયત સમયમર્યાદા અને ગુણવત્તા સાથે પૂર્ણ કરાશે. રસ્તાઓ અને કચરાના નિકાલના કામો થવાથી શહેરની રોનક વધશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું સપનું છે, રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે આ મતવિસ્તારના ધારાસભ્ય તરીકે જસદણ-વીંછિયા પંથકને અનેકવિધ વિકાસ પ્રકલ્પો થકી સુંદર, સ્વચ્છ અને સમૃદ્ધ બનાવવાનું સપનું છે, જે લોકભાગીદારી થકી અવશ્ય સાકાર થશે.

તા. ૭ ડીસેમ્બરના રોજ ચિતલીયા રોડ પર આસ્થા શાળાના પટાંગણ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ ધો. ૬ની વિદ્યાર્થીનીઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. તેમજ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ મંત્રીશ્રીનું સન્માન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે શહેરી સડક યોજના અંતર્ગત રૂ. ૩.૪૮ કરોડના ખર્ચે ચિતલીયા રોડ પહોળો / વાઈડનીંગ કરીને વિવિધ સ્ટ્રકચર સાથે નવો બનાવવાના કામ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે જસદણના જુદા-જુદા વિસ્તારમાં રોડ રીસર્ફેસીંગ - વરસાદથી નુકશાન પામેલા ડામર રોડના સમારકામ, નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અન્વયે રૂ. ૪૭.૧૬ લાખના ખર્ચે જસદણ નગરપાલિકામાં આટકોટ ગેટથી નવા બસ સ્ટેન્ડ સુધીના રોડને આઈકોનીક રોડ તરીકે વિકસાવવાના કામ તથા શહેરના એપ્રોચ રોડની સફાઈ કરવાના કામ તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ રૂ. ૧.૮૪ કરોડના ખર્ચે ડમ્પીંગ સાઈટ ઉપર કમ્પાઉન્ડ વોલ, વાયર ફેન્સીંગ, સિકયોરીટી રૂમ, ઓફીસ સાથે સ્ટોર રૂમ, ટોઈલેટ બ્લોક, શેડ, વે-બ્રીજ, વે-બ્રીજ ઓફિસ, વોટર રૂમ અને ટ્રી-મીક્ષ સાથે સી.સી.રોડ બનાવવાના કામ, એમ કુલ ચાર વિકાસકામોનું ખાતમુર્હુત કરાયું હતું.

# લીંબડી પાસે જમુના હોનેસ્ટ હોટલ પર ભાવ વધારા બાબતે પત્રકાર ઉપર હુમલો

### જમુના હોનેસ્ટ હોટલ ભાજપના એમએલએની છે જે હોનેસ્ટ ગ્રુપને ચલાવા આપી છે





હાઈવે પર આવેલી હોટલ પર મુસાફરો પાસેથી ખાણી પીણીની વસ્તુના થી વધારે ભાવ લેવાતા હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. જવાબદાર તંત્રોના ભષ્ટ્ર કર્મીઓની રહેમ નજર તળે ચાલતી ગેરરીતિમાં મુસાફરો લૂંટાતા હોવા છતાં કોઈ કાર્યવાહી થતી ન હોય આ તત્વો બેફામ બન્યા છે. ગઈકાલે લિંબડીની હોનેસ્ટ હોટલ પર જે લીબડીના ધારાસભ્યના માલીકીની છે. જે હોનેસ્ટને ચલાવા આપી છે. આવા જ મુદ્દે પત્રકાર અને તેના પુત્રને બેફામ ગાળો ભાંડીને લાકડી - ધોકા વડે હુમલો કર્યાની ફરિયાદ થતાં ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ જેતપુરના પત્રકાર હરેશભાઈ ભાલીયા તેના પત્રકાર પુત્ર તુષાર અને ભાણેજ વિશ્વાસ સાથે ચેનલના કામ માટે કારમાં અમદાવાદ જઈ રહ્યા હતાં. ત્યારે મોડી રાત્રે ૨.30 વાગ્યાની આસપાસ લીંબડી હાઈવે પર આવેલી જમુના - હોનેસ્ટ હોટલ પર ચા - પાણી પીવા માટે ઊભા રહ્યા હતાં. જે દરમ્યાન હોટેલમાં આવેલી પાનની દુકાન વસ્તુ લેવા ગયા હતાં.જયાં વસ્તુના થી વધારે ભાવ લેવાતા વિરોધ નોંધાવ્યો હતો.જેથી, ઉશ્કેરાયેલા દુકાન ચાલકે પત્રકાર હરેશભાઈ તેના પુત્ર તુષારને ગાળો ભાંડીને બોલાચાલી કરી હતી.ગાળો આપવાની ના પાડતા એકઠા થયેલા હોટેલના સ્ટાફ એકઠો થઈ ગયો હતો.આ લોકોને ફાર્મ હાઉસમાં લઈ લો એવી બુમો પાડતા લાકડી-ધોકા લઈને સ્ટાફના ટોળા એકઠા થઈ ગયા હતાં.

પુત્રના અપહરણનો પ્રયાસ કરીને હોટલ પાછળ આવેલા સ્ટાફના ટોળાને હરેશભાઈએ રોકવાનો પ્રયાસ કર્યો હતો.જેથી, સ્ટાફના ટોળાએ લાકડી-ધોકા વડે હરેશભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો.આ ઝપાઝપીમાં તુષારનો સોનાનો ચેન કોઈએ ખેંચી લઈને લૂંટ ચલાવી હતી.

આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા હરેશભાઈ અને તેના પુત્રને સારવાર માટે લીંબડી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.જયાં સારવાર લીધા બાદ હરેશભાઈએ હોટલ સ્ટાફ સામે પોલીસ ફરિયાદ કરીને હુમલાના પુરાવા રૂપે હોટલના સીસીટીવી ફૂટેજ કબ્જે લેવા માંગ કરી હતી. જાગૃત મુસાફરોમાં પણ જે વ્યવસાયમાંથી ધારાસભ્યના પરિવારનું ભરણપોષણ થાય તેના પોષક એવા ગ્રાહક પર થયેલા હુમલાને વખોડીને આવી હોટલ પર ઊભા રહેવા સામે વિરોધ ઊભો થવા પામ્યો છે.

## દુષ્કર્મ-પોક્સોના ગુનામાં ફરાર પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

રાજકોટઃ ગાંધીગ્રામ પોલીસ મથકના દુષ્કર્મ-પોક્સોના ગુનામાં ફરાર પરપ્રાંતીય શખ્સને પ્રેમ મંદિર પાસેથી પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી હતી. યુનિ. પોલીસ મથકના પીઆઇ એમ.જી. વસાવાની રાહબરીમાં પીએસઆઇ વી.જી. ડોડીયા અને તેની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પ્રેમ મંદિર પાસે આવેલ બગીચામાંથી દુષ્કર્મ-પોક્સોના ગુનામાં ફરાર દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ રહે. નવલનગર, મવડી મુળ ભીંડ મધ્યપ્રદેશને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આરોપી વિરુધ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં અપહરણ, દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયેલ હતો જે બાદથી તે ફરાર હતો.

### ફાયર વિભાગની ૨૪૭ની ભરતી માટે ૨૧૪૭ અરજી

# રાજકોટ મનપાની સૌથી મોટી ભરતી માટેની પ્રેક્ટિકલ ટેસ્ટ પૂર્ણ; ૮૨૪ ઉમેદવારોની સ્વિમિંગ, ડીપ ડ્રાઇવિંગ, રસા ચડવા સહિતની કસોટી લેવાઈ

રાજકોટ,તા.૯

રાજકોટ મનપાનાં ફાયર વિભાગમાં ઈતિહાસની સૌથી મોટી ભરતીની પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી છે. જેમાં ૨૪૭ ફાયર ઓપરેટરની ભરતી માટે ૨૧૪૭ અરજીઓ આવી હતી. આ તમામ ઉમેદવારોની પ્રેક્ટિકલ ટેસ્ટનું આયોજન તા. ૪થી ૮ ડિસેમ્બર એમ પાંચ દિવસ સુધી કરવામાં આવ્યું હતું. આજે છેલ્લા દિવસ સુધીમાં કુલ ૮૨૪ ઉમેદવારોની સ્વિમિંગ, ડીપ ડ્રાઈવિંગ, રસા ચડવા, દોડવાની તેમજ ડ્રાઈવિંગ સહિતની કસોટીઓ લેવામાં આવી હતી. આ પૈકી આગામી દિવસોમાં ૨૪૭ ફાયર ઓપરેટરોની નિમણૂક કરવામાં આવશે.



પ્રાપ્ત વિગત મુજબ, ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકાનાં ઈતિહાસની સૌથી મોટી ૪૫૦ જેટલા ઉમેદવારોની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૨૪૭ ફાયર ઓપરેટરોની ભરતી માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવતા મનપાને કુલ ૨૧૪૭ અરજી મળી હતી. ગત તારીખ ૪ ડિસેમ્બરથી આ ઉમેદવારોની પ્રેક્ટિકલ ટેસ્ટ કોઠારીયા રોડ સ્વિમિંગ પુલ ખાતે લેવામાં આવી રહી હતી. આજે છેલ્લા દિવસે પણ ૧૫૦ કરતા વધુ ઉમેદવારોની પ્રેક્ટિકલ ટેસ્ટ લેવામાં આવી હતી. આ પૈકી સારો દેખાવ કરનારા ૨૪૭ ઉમેદવારોને મનપા ફાયર વિભાગમાં ઓપરેટર તરીકે નિમણૂક આપવામાં આવશે. ત્યાર બાદ અન્ય પોસ્ટ માટેની ભરતીઓ કરવામાં આવશે.

મનપાનાં ડે. કમિશ્નર સ્વપિનલ ખેરનાં જણાવ્યા મુજબ ફાયર વિભાગને વધુ મજબૂત કરવાં માટે ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પાંચ દિવસ દરમિયાન કુલ ૮૨૪ ઉમેદવારોની પ્રેક્ટિકલ ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં મનપાના અલગ અલગ વિભાગના ૫૦ જેટલા સ્ટાફ અને સીસીટીવી કેમેરા વડે ભરતીનું નિરીક્ષણ કરાયું હતું. તેમજ તમામ ઉમેદવારોની સ્વિમિંગ, ડીપ ડ્રાઈવિંગ, રસા ચડવાની ઉપરાંત દોડવા સહિતની કસોટી લેવામાં આવી હતી. એટલું જ નહીં સાંજના સમયે આરટીઓ અધિકારીની હાજરીમાં તેની ડ્રાઈવિંગ ટેસ્ટ પણ લેવામાં આવી હતી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં આ પૈકીના ઉમેદવારોને સૌપ્રથમ ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવવામાં આવશે. જેમાં બધું યોગ્ય જણાશે તો તેવા ઉમેદવારને ફાયર ઓપરેટર તરીકે નિમણૂક આપવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ભરતીની આ સંપૂર્ણ પ્રક્રિયા રાજ્ય સરકારનાં ધારાધોરણ મુજબ કરવામાં આવી રહી છે.

## રાજકોટના ઉદ્યોગકારની ખેતીની જમીન પચાવી પાડવા કારસો



જામનગરઃ કાલાવડ તાલુકાના મૂળીલા ગામમાં આવેલી રાજકોટના એક ઉદ્યોગકારની ખેતીની જમીનમાં ગેરકાયદે પેશકદમી કરી લઇ જગ્યાનો કબજો પચાવી લેવા અંગે તેમજ તેમાં વાવેલા લીમડાના ઝાડને કાપી નાખી વેચી નાખી નુકસાન પહોંચાડવા અંગેની ફરિયાદ મછલીવડ ગામના બે ભાઈઓ સામે નોંધાવાઈ છે. જે મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ તપાસ ચલાવે છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે હાલ રાજકોટમાં રહેતા અને મૂળ કાલાવડ તાલુકાના નપાણિયા ખીજડીયા ગામના વતની એવા હરસુખભાઈ ભાદાભાઈ અકબરી નામના ઉદ્યોગકાર કે જેઓની ખેતીની વારસાઈ જમીન કાલાવડ તાલુકાના મૂળીલા ગામમાં આવેલી છે, જે જમીનમાં છેલ્લા કેટલાક વર્ષોથી તેઓએ મલબાર લીમડા વાવ્યા હતા.ઉપરોક્ત જમીનમાં કાલાવડ તાલુકાના મછલીવાડ ગામના બે ભાઈઓ વનરાજસિંહ સુખદેવ સિંહ જાડેજા તેમજ શોભરાજસિંહ સુખદેવસિંહ જાડેજાએ ગેરકાયદે પેશકદમી કરી લીધી હતી, અને આ જગ્યા અમારી છે, તેમ કહી ઉદ્યોગ કાર અને તેના પરિવારને ધોકા વડે ભય બતાવી ફરીથી આવશો તો પતાવી નાખશું. તેવી ધમકી આપી હતી.આ ઉપરાંત ઉદ્યોગકાર દ્વારા વાવવામાં આવેલા મલબાર લીમડા કે જેને બંને ભાઈઓએ કાપી નાખી વેચી નાખ્યા હતા, અને નુકસાની પહોંચાડી હોવાથી સમગ્ર મામલો કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જે મામલે કાલાવડ ગ્રામ્ય ના પી.એસ.આઈ. વી.એ. પરમારે વધુ તપાસ શરૂ કરી છે.

## જામનગર શહેર-ગ્રામ્ય અને દેવભૂમિ દ્વારકા પંથકમાં વીજતંત્ર દ્વારા સતત છઠ્ઠા દિવસે ડ્રાઈવ યથાવત

જામનગર,તા.૯

જામનગર શહેર-ગ્રામ્ય ઉપરાંત દેવભૂમિ દ્વારકા પંથકમા સતત છઠ્ઠા દિવસે પણ વીજ તંત્ર દ્વારા ચેકીંગ ડ્રાઇવ યથાવત રાખવામાં આવી હતી. વીજ વિભાગની જુદી જુદી ૩૫ ટીમ દ્વારા શહેરના ગોકુલનગર, ગુલાબનગર અને કાલાવડ ગ્રામ્ય તેમજ દેવભૂમિના ખંભાળિયા ગ્રામ્યમાં વિજ ચેકીંગ દરમિયાન ૪૭૨ વિજ જોડાણો ચેક કરવામાં આવ્યા હતા જેમાં તંત્રને ૭૯ જોડાણમાં ગેરરીતી માલુમ પડતા સંબંધિતોને રૂા. ૫૦.૩૬ લાખના પુરવણી બીલો અપાયા હતા. જામનગર અને દ્વારકા જિલ્લામાં ગત સોમવારથી વિજ કંપની દ્વારા કોર્પોરેટ ચેકીંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી જે શનિવારે પણ યથાવત રાખવામાં આવી હતી. વિજ તંત્રની જુદીજુદી ૩૫ ટીમ દ્વારા જામનગરના ગોકુલનગર ઉપરાંત ગુલાબનગર, રામવાડી, અશોક સમ્રાટ નગર વગેરે વિસ્તારો સાથે કાલાવડ ઉપરાંત



તાલુકાના વીરવાવ, ભાયુ ખાખરીયા, સત્યા વગેરે ગ્રામ્ય પંથકમાં વિજ ચેકીંગ કરાયુ હતુ. તદુપરાંત દેવભૂમિ જિલ્લાના વડા મથક ખંભાળિયાના નાના વીરમદડ, જુના વિરમદડ, ભાડથર, જુવાનગઢ, ભીંડા,ભાણખોખરી, કોલવા, નવા જુના તથીયા વગેરે ગ્રામ્ય પંથકમાં પણ વિજ ચેકીંગ કરાયુ હતુ.શનિવારે દિવસ દરમિયાન વિજ તંત્રની ટીમો દ્વારા ૪૭૨ વિજ જોડાણ તપાસાયા હતા. જેમાં ૭૯ વીજ જોડાણમાં ગેરરિતી માલુમ પડતા વિજ તંત્ર દ્વારા સંબંધિતોને રૂા. ૫૦.૩૬ લાખના દંડાત્મક બીલો ફટકારાયા હતા. વીજ ચેકીંગ વેળાએ ૧૩ એકસ આર્મમેન અને ૧૭ સ્થાનિક પોલીસ જવાનો બંદોબસ્તમાં જોડાયા હતા. વિજ કંપનીની ટીમો દ્વારા શુક્રવારે ચેકીંગ કાર્યવાહી અંતર્ગત જામનગરના પવનચક્કી, હર્ષદ મીલની ચાલી, સાધના કોલોની અને નાઘેડી, સરમત, લાખાબાવળ સહિતના ગ્રામ્ય પંથક સાથે દેવભૂમિના કલ્યાણપુર તાલુકાના ગઢકા, પટેલકા, ડાંગરવડ સહિતના ગામોમાં પણ ચેકીંગ કરાયુ હતુ. ટુકડીઓ પહોંચી હતી. દિવસ દરમિયાન કુલ ૩૩૭ વીજજોડાણ ચકાસાયા હતા. તેમાંથી ૭૪ વીજજોડાણ માં ગેરરીતિ મળી આવતા રૂા.૫૯.૬૫ લાખના પુરવણી બીલ વિજ તંત્ર દ્વારા અપાયા હતા. હાલારમાં છ દિવસમાં સવા ત્રણ કરોડથી વધુની વીજચોરી પકડાઈ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજ તંત્ર દ્વારા ગત સોમવારથી ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેમાં છ દિવસ દરમિયાન વિજ તંત્ર દ્વારા અંદાઝે સવા ત્રણ કરોડથી વધુની વિજચોરી પકડાઇ હોવાનુ ખુલ્યુ છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# વડાપ્રધાન મોદીનું સૌને ઘરનું ઘર આપવાનું સપનું આમ પૂરૂ થશે?

## રાજકોટમાં કાલાવડ રોડ સહિત ૬ વિસ્તારમાં આવાસનાં ૩૩૦૦ ફ્લેટ ખંઢેર બન્યા, ૨થી ૧૪ વર્ષથી ખાલી પડ્યા છે ઘરો

રાજકોટઃ ઘરના ઘરનું સપનું જોનારા લોકો માટે ડ્ઢ મોદીએ આવાસ યોજના શરૂ કરી હતી. જેના થકી બેઘર લોકોને ઘરનો આશરો મળી રહે, પરંતુ રાજકોટમાં કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે. રાજકોટના કાલાવાડ રોડ સહિત અનેક વિસ્તારોના ૬ આવાસના હજારો ઘર અત્યારે ખંઢેર હાલતમાં પડ્યા છે આવાસની ફાળવણી નહીં થતા ખાલી હોવાનું સામે આવ્યું છે. કેટલાક ઘરોની ફાળવણીનો ૨૦૧૦થી બાકી બોલી રહી છે. જેના પગલે ૧૫૦૦ કરતા વધારે આવાસો હાલ ગુનાખોરીનો અડ્ડો બન્યા છે. આવા આવાસોની આસપાસ રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ કોર્પોરેશન દ્વારા હવે નવી આવાસ યોજના માટે ભારત સરકારની પીએમ સ્કીમ ૨.૦ હેઠળ ઓનલાઈન સર્વે અને રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુલાકાત દરમિયાન તમામ આવાસોની બારીના કાંચ તૂટેલા અને બારણાઓ ખુલ્લા હોવાનું જોવા મળ્યું હતું. ભગીની નિવેદિતા ટાઉનશીપ સામેની આ આવાસ યોજના છેલ્લા ૫ કરતા વધુ વર્ષથી ખંઢેર હાલતમાં હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું અને આ કારણે અહીં સાપ તેમજ અજગર સહિતના ઝેરી જીવજંતુ નીકળવાની ઘટના રોજિંદી બની હોવાનું પણ કહ્યું હતું. એટલું જ નહીં આ આવાસ યોજના આવારા તત્વોનો અડ્ડો બની હોવાથી તાત્કાલિક તેની ફાળવણી કરવામાં આવે અથવા તેને પાડીને કોઈ બગીચો કે પછી લોકોને ઉપયોગી કોમ્યુનિટી હોલ બનાવવામાં આવે તેવી માગ કરી હતી. આ વિસ્તારમાં રહેતા એક વ્યકિતે વાતચીતમાં જણાવ્યું હતું કે, ભગીની નિવેદિતા ટાઉનશીપની સામે મનપા દ્વારા ૪ માળીયા બનાવવામાં આવ્યા છે. જેનું ઘણા વર્ષોથી એલોટમેન્ટ કરવામાં નહીં આવ્યું હોવાને કારણે તેની અંદર અનેક ગેરકાયદેસર કામો થઈ રહ્યા છે. અહીં વીજળીનાં કનેક્શન ન હોવા છતાં મોડી રાત્રે ત્યાં લાઈટો જોવા મળે છે. કોર્પોરેશન દ્વારા ઉપર મુકવામાં આવેલી ટાંકીઓની પણ ચોરીઓ થાય છે. આ અંગે મનપામાં અવારનવાર રજૂઆતો પણ કરી છે છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. મનપા દ્વારા નિર્મિત ખાલી પડેલા આ ચાર માળિયામાં અત્યારે દારૂના અડ્ડાઓ પણ ચાલતા હોવાની આશંકા છે.

### આવાસની ફાળવણી નહીં થતા ખાલી હોવાનું સામે આવ્યું

રાજકોટ શહેરમાં એકતરફ ઘરના ઘર માટે લોકો વલખાં મારી રહ્યા છે. સરકાર દ્વારા પણ ઓનલાઈન સર્વે અને રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. દરમિયાન રાજકોટ શહેરમાં ૩૩૦૦ કરતા વધુ આવાસની ફાળવણી નહીં થતા ખાલી હોવાનું સામે આવ્યું છે. પોપટપરા ખાતે આવેલી ભગીની નિવેદિતા ટાઉનશીપ સામેની આવાસ યોજના ૫ વર્ષ કરતા વધુ સમયથી ખાલી હોવાને કારણે નજીકમાં રહેતા લોકો હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે દિવ્ય ભાસ્કરની ટીમ પોપટપરા વિસ્તારમાં આવેલી એક આવાસ યોજનાની મુલાકાતે પહોંચી હતી.

# ગુજરાતમાં ૧૨ લોકોની હત્યા કરનાર ભુવાનું કસ્ટડીમાં મોત, દારૂમાં સોડિયમ નાઈટ્રિટ ભેળવીને પીવડાવતો હતો

અમદાવાદના સરખેજ પોલીસે તાંત્રિક વિધિ કરી લોકોને મૂરખ બનાવતા આરોપી ભુવા નવલસિંહ ચાવડાને પાંચ દિવસ પહેલા ઝડપી પાડ્યો હતો. રિમાન્ડ દરમિયાન પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપી નવલસિંહનું આજે રવિવારે મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, પોલીસ સમક્ષ કબૂલાત બાદ ભુવાની તબિયત લથડી હતી. લોક-અપમાં આરોપીને વોમીટ થયા બાદ તે ઢળી પડ્યો હતો, અને તેનું મોત થયું હતું. પોલીસનો દાવો છે કે આરોપીની નવલસિંહ ભુવાએ પૂછપરછ દરમિયાન તેણે અત્યારસુધીમાં ૧૨ લોકોની હત્યા કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો.

અમદાવાદમાં તાંત્રિક વિધિ કરી લોકોને મૂરખ બનાવતા આરોપી ભુવા નવલસિંહ ચાવડા દ્વારા એક કા ચાર કરી આપવાની લાલચે એક ફેક્ટરીના માલિક સાથે ષડયંત્ર રચ્યું હતું. ફેક્ટરીના માલિકને તાંત્રિક વિધિના નામે સોડિયમ નોઈટ્રિટ નેનો ૩ પીવડાવીને હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ આરોપી ખુદને મહાણી મેલડી માતાનો





ભૂવો કહેતો હતો. આરોપીએ તાંત્રિક વિધિના નામે ફેક્ટરીના માલિકને લૂંટી લીધો હતો અને બાદમાં તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે.ધૂળિયા અને તેમની ટીમ સમયસર પહોંચી જતા ફેક્ટરીના માલિકનો આબાદ બચાવ થયો હતો.

અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતા ચાંગોદરમાં એબીઆર કોસ્મેટિક ટ્રેડિંગ ફેક્ટરીના માલિક અભિજિત સિંહ રાજપૂતને ભુવા નવલસિંહ ચાવડાએ તાંત્રિક વિધિ દ્વારા રૂપિયાના ચાર ગણા કરી આપવાની લાલચ આપી હતી. ભુવાએ ફેક્ટરીના માલિકને ૧ ડિસેમ્બરે બપોરે ૩ વાગ્યે સનાથલ ખાતે રૂપિયા લઈને બોલાવ્યો હતો. ત્યારબાદ તાંત્રિક વિધિના નામે માલિકને ઝેરી પદાર્થવાળુ પ્રવાહી ભેળવીને વિધિના બહાને પીવડાવી તેની હત્યાની યોજના ઘડી હતી. ફેક્ટરીના માલિકની હત્યા કરી ભુવો સમગ્ર રૂપિયા લઈ નાસી જવાની તૈયારીમાં હતો. જોકે, સમગ્ર મામલાની સ ર ખ ે જ પોલીસને બાતમી મળતાં તે સમયસર ઘટના સ્થળે પહોંચી જતા ફેક્ટરીના માલિકનો જીવ બચ્યો હતો. ભુવાની ચાલમાં ફસાયેલો ફેક્ટરીનો માલિક તેનો કૌટુંબિક સંબંધિ થતા હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી ભુવો મૂળ વઢવાણનો રહેવાસી હતો અને થોડા દિવસ પહેલાં અમદાવાદના વેજલપુરમાં રહેવા આવ્યો હતો. આરોપી વઢવાણમાં મસાણી મેલડી માતાનો મઢ ચલાવતો હતો. ત્યાં ભુવા તરીકે તાંત્રિક વિધિ કરતો હતો. એટલું જ નહીં, આ ભુવો યુ-ટ્યુબ પર મોજે મસાણી નામની ચેનલ બનાવી હતી. જેમાં તાંત્રિક વિદ્યા કરતા વીડિયો પણ શેર કરતો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં એ પણ ખુલાસો થયો કે ભુવો ક્રાઈમ પેટ્રોલ શો વધારે જોતો હતો અને તેનાથી પ્રેરણા મેળવી સોડિયમ નાઈટ્રિટનો ઉપયોગ કર્યો હતો. આ સોડિયમ નાઈટ્રિટ કોઈ બહારની લેબમાંથી ખરીદ્યુ હતું. નોંધનીય છે કે, આરોપી નવલસિંહે ફેક્ટરીના માલિક પાસેથી ૧૫ લાખના રોકાણ પર ચાર ગણા કરી આપવાની લાલચ આપી હતી.

## અમદાવાદ-મુંબઈમાં ૭ સ્થળે ઈડીના દરોડામાં ૧૩ કરોડથી વધુની રકમ જપ્ત કરાયા

### ૧૪ ખાતામાંથી થયેલા વ્યવહારોમાં મની લોન્ડરિંગની તપાસ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ)એ માલેગાંવમાં બોગસ દસ્તાવેજના આધારે ખોલાવેલા બેંક ખાતાના દુરુપયોગને લઈને સુરત, અમદાવાદ અને મુંબઈમાં ૭ સ્થળોએ દરોડા પાડીને ૧૩.૫ કરોડની રોકડ જપ્ત કરી છે. આ મામલો નાસિક મર્ચન્ટ કો-ઓપરેટિવ બેંક અને બેંક ઓફ મહારાષ્ટ્રના નકલી ખાતા સાથે સંબંધિત છે.




મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ફેલાયેલા રૂપિયા ૨૫૦૦ કરોડથી વધુ વ્યવહારો અને લગભગ ૧૭૦ બેંક શાખાઓ ઈડીના સ્કેનર હેઠળ છે. કારણ કે આ ખાતામાં નાણાં જમા કરાયા હતા અથવા કાઢી નાખવામાં આવ્યા છે.

ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે નાસિક મર્ચન્ટ કો-ઓપરેટિવ બેંકમાં ૧૪ નવા ખાતા ખોલાયા હતા. જેમાં ૧૦૦ કરોડથી વધુની રકમ જમા કરાઈ હતી. બેંક ઓફ મહારાષ્ટ્રની નાસિક શાખામાં આવા ૫ ખાતા મળી આવ્યા હતા. સિરાજ અહેમદ મોહમ્મદ હારુન મેમણ અને તેના સહયોગીઓ પર જરૂરિયાતમંદ વ્યક્તિઓના ઓળખ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને આ ખાતા ખોલવામાં આવ્યા હતા. ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય વ્યક્તિ અકરમ સફી અને વસીમ વલીમોહમદ ભેસાણિયાની ધરપકડ કરી છે. અમદાવાદ, સુરત અને મુંબઈના આંગડિયા મારફતે હવાલા પાડવામાં આવ્યા હતાં.

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના વિરોધમાં ગોંડલમાં રેલી નીકળી



ગોંડલ,તા.૯

હિન્દુ એકતા મંચ દ્વારા મૌન રેલી કાઢી આવેદન ભાસ્કર ન્યૂઝ ગોંડલ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો સામે દેશભરમાં વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. ત્યારે ગોંડલમાં પણ હિન્દુ એકતા મંચના નેજા હેઠળ વિશાળ રેલી નીકળી હતી અને બાંગ્લાદેશમા લઘુમતીઓને રક્ષણ આપવા માગણી કરવામાં આવી હતી અને સાથે ભારત સરકાર દરમિયાનગીરી કરે તેવી રજૂઆત કરાઇ હતી. ગોંડલમાં હિન્દુ એકતા મંચનાં નેજા હેઠળ વિવિધ હિન્દુ સંગઠનો તરકોશી હનુમાનજી મંદિરે એકઠા થઇ મૌન રેલી સ્વરુપે પ્રાંત અધિકારી કચેરીએ પહોંચ્યા હતા અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થઇ રહેલાં અત્યાચારો સામે વિરોધ વ્યક્ત કરાયો હતો. આવેદનપત્રમાં જણાવાયું હતું કે બાંગ્લાદેશમાં સાધુ, સંતોને જેલમાં ધકેલી દેવાયાછે.બહેન દિકરીઓ પર દુષ્કર્મ થઇ રહ્યા છે.હિન્દુ પ્રજા ઉપર બેરહમ અત્યાચાર ગુજારાઇ રહ્યો છે. આ માટે દેશની સાંસદમાં નિંદા પ્રસ્તાવ રજૂ કરવા માંગ કરાઇ હતી. ઉપરાંત આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દ્વારા આ મુદે દબાણ લાવવા માંગ કરાઇ હતી.

# રાજકોટની બે જાણીતી હાર્ટ હોસ્પિટલમાં યોજના અંગે આરોગ્ય વિભાગની તપાસ

## અમદાવાદના ખ્યાતિકાંડની તપાસ વચ્ચે સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં કાર્યવાહી ચાલુ ઓલમ્પસ અને પ્લેક્સસમાં ક્લેઇમ અંગે ખરાઇ કરાતી હોવાની શક્યતા સ્થાનિક તંત્રો અંધારામાં મોરબીની જાણીતી હોસ્પિટલ અંગે પણ તપાસ શરૂ કરાવતા કલેક્ટર

રાજકોટ, તા.૭

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજય હેલ્થકાર્ડના લાભાર્થી દર્દીઓના જીવલેણ ઓપરેશન, સરકારી સહાયના મોટા કૌભાંડની ઉંડી તપાસ ચાલી રહી છે અને રાજ્યસભા સુધી પડઘા પડ્યા છે ત્યારે સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં આવી તપાસ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

મોરબીની એક હોસ્પીટલના ક્લેઇમ અંગે કલેક્ટર દ્વારા તપાસ શરૂ કરાવાઇ છે ત્યારે ગઇકાલે ગાંધીનગરથી આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ રાજકોટ ત્રાટકી હોવાનું જાણવા મળ્યું છે.રાજકોટના વિધાનગર રોડ પર આવેલી ઓલમ્પસ અને માધાપર ચોકડી પાસે આવેલી પ્લેક્સસ મેડકેર નામની હાર્ટની જાણીતી ખાનગી હોસ્પીટલમાં ટીમે તપાસ કરી હતી. ગઇકાલે આ બંને હોસ્પીટલમાંથી દર્દીઓના ઓપરેશન અને સારવારને લગતી વિગતો અને રેકર્ડ લઇને આ ટીમ પરત ફર્યાનું સુત્રોએ જણાવ્યું હતું.




જો કે હોસ્પીટલ અંગે તપાસ જેવી કોઇ કાર્યવાહીની સત્તાવાર વિગતો જાહેર કરાઇ નથી. છતાં સૌરાષ્ટ્રના ઘણા શહેરોની જેમ રાજકોટની અમુક હોસ્પીટલમાંથી સરકારે ક્લેઇમ અંગે તપાસ શરૂ કર્યાનું માનવામાં આવે છે.

વિધાનગર મેઇન રોડ પર આવેલી ઓલમ્પસ હોસ્પીટલ પીએમજય યોજના હેઠળ નોંધાયેલી છે. ગઇકાલે આરોગ્ય વિભાગની ટીમે આ હોસ્પીટલની મુલાકાત લઇને વિગતો જાણી હતી. આ જ રીતે માધાપર ચોકડી પાસે આવેલ મેડકેર હોસ્પીટલમાં જઇને પણ ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરી છે.

ક્લેઇમના કેસ અને બીલના આંકડા અંગે માહિતી મેળવ્યાનું સુત્રોએ જણાવ્યું હતું. જો કે કોઇ ગેરરીતિ જેવી કોઇ માહિતી જાહેર થઇ નથી. આથી આ તપાસ અને ચકાસણી વેરીફીકેશન માટે પણ હોઇ શકે તેવું સ્થાનિક વર્તુળો કહે છે.

બે દિવસ પહેલા મોરબી જિલ્લાની હોસ્પટલોમાં છેલ્લા ૨૧ મહિનામાં થયેલા ૨૦૨૯૭ ઓપરેશન અંગે પણ તપાસ કરવામાં આવી છે. મોરબીની આયુષ હોસ્પીટલમાં આ યોજના હેઠળ ૧૧૩૯૩ ક્લેઇમ થયા છે. આ અંગે કલેક્ટર અને જિલ્લા આરોગ્ય અધિકારીએ તપાસ કરાવતા હોસ્પીટલના સંચાલકોએ આ કાર્યવાહી અંગે જરૂરી સ્પષ્ટતાઓ પણ કરી હતી. આ હોસ્પીટલની યોજનામાં નોંધાયેલી હોય અહીં દર્દીઓની સંખ્યા વધુ હોવાનું જણાવાયું હતું. અમદાવાદના હોસ્પીટલ કાંડની તપાસમાં રોજ નવા ધડાકા થઇ રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્રની ઘણી હોસ્પીટલમાંથી આ રીતે રાજ્યના આરોગ્ય વિભાગની ટીમો માહિતી એકત્ર કરવા ઉતરી પડ્યાનું અલગ અલગ શહેરોમાંથી જાણવા મળી રહ્યું છે.અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજય હેલ્થકાર્ડના લાભાર્થી દર્દીઓના જીવલેણ ઓપરેશન, સરકારી સહાયના મોટા કૌભાંડની ઉંડી તપાસ ચાલી રહી છે અને રાજ્યસભા સુધી પડઘા પડ્યા છે ત્યારે સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં આવી તપાસ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. મોરબીની એક હોસ્પીટલના ક્લેઇમ અંગે કલેક્ટર દ્વારા તપાસ શરૂ કરાવાઇ છે ત્યારે ગઇકાલે ગાંધીનગરથી આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ રાજકોટ ત્રાટકી હોવાનું જાણવા મળ્યું છે.રાજકોટના વિધાનગર રોડ પર આવેલી ઓલમ્પસ અને માધાપર ચોકડી પાસે આવેલી પ્લેક્સસ મેડકેર નામની હાર્ટની જાણીતી ખાનગી હોસ્પીટલમાં ટીમે તપાસ કરી હતી. ગઇકાલે આ બંને હોસ્પીટલમાંથી દર્દીઓના ઓપરેશન અને સારવારને લગતી વિગતો અને રેકર્ડ લઇને આ ટીમ પરત ફર્યાનું સુત્રોએ જણાવ્યું હતું.

### સવારે સરદાર પટેલ પ્રતિમાએથી રેલી–કલેક્ટરને આવેદનપત્ર

# જંત્રીદર સામે લડત સોમવારે બિલ્ડરોની હડતાળ બાંધકામ સાઈટ બંધ રાખશે

**જંત્રી ઉપરાંત લોકલ પ્રશ્નોની પણ રજુઆત થશે બિલ્ડરો ઉપરાંત કોન્ટ્રાકટરો, એન્જીનીયરો, આર્કીટેક્ટ, શ્રમિકો તથા નાગરિકો પણ સામેલ થવાનો દાવો**



રાજકોટ,તા.૭

રાજ્યમાં જંત્રીદરમાં સૂચિત કમ્મરતોડ ભાવવધારા સામે બિલ્ડરો મેદાને આવ્યા જ છે અને સોમવારે રાજ્યભરમાં રેલી તથા આવેદનપત્ર આપવાનાં કાર્યક્રમનું એલાન કરવામાં આવ્યું છે. સાથોસાથ બાંધકામ સાઇટોબંધ રાખીને હડતાળ પાડવાનું પણ જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટ બિલ્ડર એસોસીએશન દ્વારા એમ કહેવાયું છે કે જંત્રીમાં સુચવાયેલા તોતીંગ વધારાને કારણે બિલ્ડરોથી માંડીને ગ્રાહક વર્ગને મોટો ફટકો પડવાનો છે. આ સિવાય રાજકોટમાં પ્લાન, કમ્પલીશન, ફાયર એનઓસી સહિતની કામગીરીમાં જડ બાબતોનો વિરોધ કરવા માટે સોમવારે બહુમાળી ચોકમાં સરદાર પટેલની પ્રતિમા ખાતેથી રેલી યોજાશે અને તે કલેકટર કચેરીએ જઇને આવેદનપત્ર આપશે. આ કાર્યક્રમમાં બિલ્ડરો, શ્રમીકો, બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ વેપારીઓ તથા સામાન્ય નાગરીકો પણ મોટી સંખ્યામાં જોડાશે.

આ રેલી-આવેદનનાં કાર્યક્રમની સાથોસાથ બિલ્ડરો દ્વારા બાંધકામ સાઇટો પણ સ્વયંભુ રીતે બંધ રાખીને વિરોધનો પડઘો પાડવામાં આવશે. સીવીલ એન્જીનીયર્સ એસોસીએશન,પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસીએશન, સિવીલ કોન્ટ્રાકટર એસોસીએશન, રીયલ એસ્ટેટ એસોસીએશન, રેવન્યુ બાર લેબર કોન્ટ્રાકટર સહિતના સંગઠનોનાં સભ્યો હાજર રહેશે.

# ગેલેક્સી સામે કોર્પો.ના શોપિંગ સેન્ટર, ક્લીફ એપાર્ટમેન્ટ, સદર, દાણાપીઠમાં ૨૧ મિલ્કતો સીલ



રાજકોટ, તા.૮

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલતી વેરા વસૂલાત ઝુંબેશ અંતર્ગત આજે વધુ ૨૧ મિલ્કત સીલ કરવામાં આવી તો ૧૧ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ આપતા બપોર સુધીમાં રૂા. ૩૦ લાખની રીકવરી થયાનું વિભાગે જણાવ્યું હતું.

શહેરની મધ્યમાં વોર્ડ નં. ૨માં રેસકોર્ષ રોડ, ગેલેક્સી સિનેમા સામે કોર્પોરેશનનું શોપીંગ સેન્ટર આવેલું છે. તેમાં આવેલ સંતોષ અલ્પાહાર, બહુમાળી ભવન પાસેના ક્લીફ એપાર્ટમેન્ટ બી-વીંગમાં ફ્લેટ નં. ૯૦૧, ૧૦૦૧, બજરંગવાડી શેરી નં.૧૨માં એક મિલ્કત, સદરમાં નૂતન પ્રેસ નજીક સુપ્રિમ ટાવર બીજા માળે ફ્લેટ નં. ૨૦૧માં સીલની કાર્યવાહી કરતાં તમામ જગ્યાએ ચેક આવ્યા હતા.વોર્ડ નં.૩ દાણાપીઠના સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષમાં પાંચ દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. માધાપર પાસે શુભમ પાર્કમાં ઓમ શ્રેયકર વિદ્યાલયને નોટીસ આપતા ચેક જમા થયો હતો. સોનીબજાર, પરાબજારમાં પણ નોટીસ અપાઇ હતી. લોહાણાપરા મેઇન રોડ પર બદરી મંઝીલનો ચેક રીટર્ન થતાં રૂા.૪૭ હજારની રીકવરી કરાઇ હતી. વોર્ડ નં.૪માં મોરબી રોડ, વોર્ડ નં.૭ જીમ્મી ટાવર, વોર્ડ નં.૧૨ વાવડી વિસ્તારમાં કારખાનુ, વોર્ડ નં.૧૭ ગોંડલ રોડની વેદવાડી, અમરનગરમાં આસોપાલવ સોસાયટી, વોર્ડ નં.૧૪માં બાપુનગર, વોર્ડ નં.૧૫ અને ૧૮માં ઔદ્યોગિક વિસ્તારો, વોર્ડ નં.૧૬માં કોઠારીયા રોડ, સદભાવના સોસાયટીમાં સીલીંગ અને નોટીસની કાર્યવાહી કરતાં વેરાના ચેક જમા થયા હતા.

### સૌરાષ્ટ્રનું પાટનગર બન્યુ અપરાધીનગર ગુનેગારો બે ખોફ એક માસમાં છ–છ હત્યાથી નગરજનો સ્તબ્ધ

# રાજકોટમાં ખાડે ગયેલી કાયદો-વ્યવસ્થા સામે કોંગ્રેસના દેખાવો સુત્રોચ્ચાર

### પ્લેકાર્ડ સાથે જિલ્લા પંચાયત ચોકમાં વિરોધ પ્રદર્શન પોલીસની તોડ કરવાની નિતીથી વાડ જ ચિભડા ગળી રહ્યાનો આક્ષેપ ધરણાની મંજૂરી નહીં મળતા કોંગ્રેસની પત્રકાર પરિષદમાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ અને શહેર પ્રમુખ અતુલ રાજાણીના ભાજપ સરકાર પર પ્રહારો

રાજકોટ,તા.૮

રાજકોટમાં ખાડે ગયેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામે કોંગ્રેસ દ્વારા આજે જિલ્લા પંચાયત ચોકમાં પ્લે કાર્ડ દ્વારા દેખાવો સુત્રોચ્ચાર કરાયા હતાં.સૌરાષ્ટ્રના પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની કથળની પરીસ્થિતિ સામે કોંગ્રેસને ધરણા આંદોલનની મંજૂરી નહી અપાતા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ જિલ્લા પંચાયત ચોકમાં ઉમટી પડી આ દેખાવો સુત્રોચ્ચાર કર્યા હતાં.

તેની સાથોસાથ પત્રકાર પરિષદ યોજેલ હતી જેમાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ અને શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીએ ભાજપ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતાં.પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ અને શહેર કોંગ્રેસની પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે રાજયમાં ભૂખ અને ભ્રષ્ટ્રાચાર મુકત સાસનનો કોલ આપી શાણીની ઘુટા સંભાળનાર ભાજપના રાજયમાં રાજકોટ અપરાધીનગર સજી છે.




રાજકોટમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ ચીથરે હાલ બની છે. રાજકોટ શહેર પોલીસ એ ફક્ત આંકડાકીય માહિતી બતાવવા કામગીરી કરતી હોય તેવો આભાસ થઇ રહ્યો છે. પોલીસ પ્રમાણિકતાથી કામ કરે અને પ્રજાનો પૂરતો સહયોગ મળે તો ગુનાખોરી ઘટે પરંતુ અહીંયા તો વાડ ચીભડા ગળે તેમ પોલીસમાં ચાલતો બેફામ ભ્રષ્ટાચારને પગલે અને પોલીસની તોડ કરવાની નીતિ રીતિ ને પગલે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી છે. ભરોસાની ગુજરાત સરકારમાં સામ્રાજ્ય રાજકોટમાં એક સમયે પોલીસના નામથી ગુનેગારો ફફળતા હતા અને પોલીસની ધાક હતી.

જાબાજ પોલીસ અધિકારીઓ જેવા કે પી કે દત્તા, અતુલ કરવલ, સુધીર સિંહા, સતીશ શર્મા, સુભાષ ત્રિવેદી,સુખદેવસિંહ ઝાલા, મહાવીરસિંહ રાણા સહિતના પોલીસ અધિકારીઓના નામથી ગુનેગારો ભો ભીતર થતા હતા. જ્યારે આજે ગુનેગારો બેફામ અને બેખૌફ બન્યા છે. પોલીસ મથકોમાં દલાલોનું વર્ચસ્વ વધી રહ્યું છે. રાજકોટની પ્રજા પોલીસ ને બદલે ગુનેગારોના ભરોસે ચાલી રહી છે.રાજયમાં રોજ ચાર દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે રાજકોટમાં ચોર, લુટારા અને હત્યારા નું રાજ ચાલતું હોય તેવું જણાય છે. રાજકોટની બિહાર બનતું અટકાવો ગુજરાતમાં બાળકીઓ સલામત નથી દુષ્કર્મના કેસોમાં ૩૯૮ ટકાનો વધારો બેટી બચાવો બેટી પઢાવોની ગુલબાંગો વચ્ચે હકીકત અલગ ગુજરાતમાં મહિલાઓ અસુરક્ષિત પાંચ વર્ષમાં મહિલાઓને લગતા ૪૦૬૦૦ થી વધુ ગુનાઓ નોંધાયા છે.

ગત માસમાં રાજકોટમાં ૬ હત્યાઓથી શહેરીજનો સ્તબ્ધ થઈ ગયા હતા. રાજકોટમાં ચોરીની ઘટનાઓ દિન પ્રતિદિન વધતી રહી છે. સગીર બાળા અપહરણ અને દુષ્કર્મની ઘટના, છેડતીની ઘટનાઓ, મારામારીની ઘટનાઓ, ખૂની હુમલાઓમાં વધારો થયો છે. પોલીસ સ્ટેશનમાં અરજી લઈ સમાધાનની ફોર્મ્યુલા ગોઠવી દલાલો સક્રિય બન્યા છે. રાજકોટ શહેર પોલીસ મથકોમાં અરજી લઈને પોલીસ ફીંડલું વાળી દેતી હોય જેને પગલે ક્રાઈમ રેટ ઊંચો ન આવે તેની પોલીસ તકેદારી રાખે છે અને પ્રજા જ્યારે અરજી આપે છે ત્યારે તેમાં મોટો તોડ થાય છે.₹

---

### ટીબી હારેગા, દેશ જીતેગા

## કલેક્ટર કચેરી ખાતે ટીબી ફોરમની બેઠક યોજાઈ

### દવાનો સ્ટોક, સ્ક્રીનીંગ સહિતની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટર પ્રભવ જોશી

રાજકોટ તા.૮

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ટી.બી. મુક્ત ભારત અભિયાનને સાકાર કરવાના હેતુથી આજરોજ ભારત સરકારશ્રી દ્વારા ‘‘૧૦૦ દિવસની સઘન ટી.બી.નિર્મુલન ઝુંબેશ‘‘નો પ્રારંભ થયો છે.ત્યારે રાજકોટ જિલ્લામાં પણ તા.૭ ડિસેમ્બર ૨૦૨૪ થી ૧૪ માર્ચ ૨૦૨૫ સુધી ટી.બી.નિર્મૂલન અભિયાનના આગોતરા આયોજન અને તેની સમીક્ષા સંદર્ભે જિલ્લા ટીબી ફોરમની બેઠક યોજાઈ હતી.

જેમાં કલેકટર શ્રી પ્રભવ જોશીએ ટી.બી.રોગના ઝડપી નિદાન માટે આવશ્યક વસ્તુઓ અને ત્વરીત સારવાર માટેની દવાના જથ્થા, લોક જાગૃતિ માટે પત્રિકા તથા સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર, નિક્ષય શિબિર, નિક્ષય શપથ, ટીબીના દર્દીઓને પોષણકીટ આપવાના આયોજન તથા હાલ સુધીમા થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં નિક્ષય મિત્ર તરીકે સહભાગી બનેલ લોકો, આ ઝુંબેશમાં જોડાયેલ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ/ એન.જી.ઓ. અને સહકારી સંસ્થાઓને બિરદાવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, પ્રાદેશિક નગરપાલિકા કમિશનર શ્રી મહેશ જાની, નવનિયુક્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી કુલમાળી, જિલ્લા આર.સી.એચ ઓફિસર શ્રી જોશી, ડબલ્યુ.એચ.ઓ.ના પ્રતિનિધિ ડો.નિર્મલ પ્રજાપતિ, ડો.પપ્પુ સિંઘ, એઈમ્સના પ્રતિનિધિઓ તેમજ સિવિલ હોસ્પિટલના ડોક્ટરો સહિત તાલુકા હેલ્થ ઓફિસરો અને મેડિકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

---

# બાંગ્લાદેશના હિંદુઓને તત્કાલ સુરક્ષા પૂરી પાડો અધિક કલેકટર સમક્ષ ધા

### હિંદુઓ અને મંદિરો પર થતા હુમલા સામે વિરોધ આપ દ્વારા આવેદનપત્ર અપાયું



રાજકોટ તા.૮

બાંગ્લાદેશના હિંદુઓને તત્કાલ સુરક્ષા પૂરી પાડવાની માંગણી ઉઠાવી આમ આદમી પાર્ટી દ્વારા આ અંગે આજે અધિક કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે આમ આદમી પાર્ટી રાજકોટ શહેરના અધ્યક્ષ દિનેશભાઈ જોશી તથા અધ્યક્ષ તેજસભાઈ ગાજીપરાએ જણાવ્યું હતું કે હિંદુઓએ હંમેશા વસુધૈવ કુટુમ્બકમનો સંદેશો આપીને સમગ્ર પૃથ્વીને જ પોતાનો પરિવાર ગણ્યો છે પણ બાંગ્લાદેશમાં આવા શાંતિપ્રિય હિંદુઓ ઉપર છેલ્લા ઘણા સમયથી સતત હુમલાઓ થઈ રહ્યા છે. સામાન્ય હિંદુ પરિવારોની સાથે સાથે પવિત્ર મંદિરો અને સાધુ-સંતો ઉપર પણ હુમલાઓ થઈ રહ્યા છે.

બાંગલાદેશમાં હિંદુઓ ઉપર થઈ રહેલા આવા અમાનુષી અત્યાચારોને કારણે સમગ્ર વિશ્વના હિંદુઓ તો ચિંતિત છે જ પણ સાથે સાથે સમગ્ર વિશ્વના તમામ શાંતિપ્રિય લોકો પણ દુખી અને ચિંતિત છે. આવી કપરી પરિસ્થિતિમાં બાંગલાદેશમાં વસવાટ કરી રહેલા આ હિંદુ પરિવારોને હિંદુ બહુમતી ધરાવતા દેશ પાસેથી ખુબજ આશાઓ છે.

આજે ભારત આ મુદ્દે ચિંતિત છે, આક્રોશિત છે અને પોતાના હિંદુ ભાઈ-બહેનોની, સાધુ-સંતોની અને મંદિરોની સુરક્ષા માટે પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે. સડકો ઉપર આક્રોશ પણ વ્યકત કરી રહ્યા છે. ત્યારે બાંગ્લાદેશ ઉપર દબાણ લાવવામાં આવે અને કડકમાં કડક પગલા લઈને બાંગ્લાદેશના હિંદુ પરિવારો, સાધુ-સંતો અને મંદિરોને સુરક્ષા આપવામાં આવે તેવી તેઓએ માગણી કરી હતી.

# ભરત સોસા આણી ટોળકીના આતંક સામે રક્ષણ આપો પોલીસ કમિશ્નરને રજુઆત

## ભૂરાની સાથે કામ કરવાની ના પાડતાં બે યુવાનોને મારમારી ગોંધી રાખ્યા અન્ય એક યુવાને ધમકીથી કંટાળી સીપી કચેરીએ આપઘાતનો પ્રયાસ કર્યો યુવાનો સીપી પાસે દોડી આવ્યાં

રાજકોટ. તા.૮

યુનિવર્સિટી અને કાલાવડ રોડ પર ભરત સોસા આણી ટોળકીના આતંક સામે યુવાનો પોલીસ કમિશ્નરને રજુઆત કરવાં દોડી આવ્યાં હતાં અને ટોળકી સામે રક્ષણ આપવા ઘા નાંખી હતી.



લક્ષ્મણ ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતાં ચેતન હસમુખભાઈ રાઠોડે પોલીસ કમિશ્નરને આપેલ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, અગાઉ તેઓ ભરત સોસા ઉર્ફે ભુરાભાઈ સાથે કામ કરતા હતા થોડા વર્ષો પહેલા તેમની ઉપર એક મર્ડરની ફરિયાદ થયેલ જેથી અમો તેમની સાથે કોઈ કામ કરવા ઈચ્છતા ન હોવા છતાં ભરત સોસા તેમની સાથે ગુનાહિત કામ કરવા માટે દબાણ કરે છે.

તેમને જ્યારે ના પાડેલ કે, અમારે હવે તમારી સાથે કામ કરવું નથી તો તેમની ગેંગ મારવાની અને મારી નાખવાની ધમકીઓ આપે છે.થોડા દિવસો પહેલા તેમનો મિત્ર ગૌતમ મકવાણા રાણી ટાવર બેસેલ હતો ત્યારે ભુરાભાઈ તેમનો ભાણેજ મયુર સોલંકી, પરેશ ઉર્ફે પપ્પુ અને અવિનાશ રાઠોડ સહિત બે અજાણ્યા શખ્સો ગૌતમ મકવાણાને માર મારેલ અને મારી નાંખશું રાણી ટાવર બાજુ આવતા નહીં તે વાતની ફરિયાદ કરવા ગૌતમ મકવાણા નજીકમાં આવેલ તાલુકા પોલીસ સ્ટેશન ગયેલ જ્યાં તેમની એક અરજી લીધેલ હતી.

અરજી આપીને ગૌતમ મકવાણા તેમના ઘરે હતા ત્યારે ભૂરાના માણસો ચેતન રાઠોડ , હરમિત રૂપારેલ, હેમરાજ રાઠોડ સહિતના શખ્સો તેમને તેમના ઘરેથી ઉપાડી રસ્તામાં માર મારી અને ભુરાની ઓફિસ રાણી ટાવર લઈ ગયેલ અને કહેલ કે, તારી અરજી પાછી ખેંચી લેજો અમે મર્ડર જેવા ગુનામાં ૧૨ દિવસમાં છૂટી જતા હોય તો તારા આ ગુનામાં પોલીસ અમારું કાંઈ નહીં કરી લે કહીં તેમને સવારે છ વાગ્યા સુધી ગોંધી રાખેલ બાદમાં જવા દીધેલ હતો.

જે બાબતની ફરિયાદ કરવા ગૌતમ મકવાણા પોલીસ સ્ટેશન કરેલ ત્યાં તેમની અરજી લીધેલી હતી. બાદમાં અરજદારના મિત્ર અનમોલ મકવાણાને ભરત સોસાના ભાઈ હેમરાજ રાઠોડ એમની ઘરે બોલાવેલ અને પછી ત્યાંથી અનમોલને એમ.જી હોસ્ટેલમાં કિડનેપ કરી લઈ જાય ત્યાં ભુરા અને તેમના સાગરીતોએ ઢોર મારેલ હતો. તે અનમોલભાઈ એટલા ડરી ગયેલ કે તે પોલીસ ફરિયાદ કરતા પણ ડરે છે.

## સજાનાં વોરંટમાં નાસતા ફરતા બે શખ્સો ઝડપાયા

રાજકોટઃ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ જગદીશ બાંગરવાનાઓએ નામદાર કોર્ટના સજા વોરંટોની અસરકારક બજવણી કરવા સુચના કરેલ જે મુજબ પો.સ.ઈ. આર.એચ. ઝાલાના માર્ગદર્શન મુજબ નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ના પો.હેડ કો. રાહુલકુમાર વ્યાસ તથા પો.કો. કનુભાઈ બસીયા, વિજયભાઈ ઝુંઝા નાઓ કોર્ટ તરફથી આવતા સજા વોરંટની બજવણી સારૂ પ્રયત્નશીલ હતા આ દરમ્યાન સંયુકત ખાનગી રાહે મળેલ હકીકત આધારે નામદાર કોર્ટના ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબના સજા વોરંટમાં હેમંતભાઈ નગીનભાઈ રાજપરા (ઉ.૬૦ રહે. દ્વારકાધીશ સોસાયટી શેરી નં.૧ મવડી રોડ, રાજકોટ. રાજેશભાઈ રામજીભાઈ દેવરા (ઉ.૪૦) રહે. પી એન્ડ ટી કોલોની એસટી વર્કશોપ પાછળ રાજકોટને ઝડપી માલવીયાનગર પોલીસને હવાલે કરેલ છે.

## જાતિવાદી માનસિકતા ધરાવતા મહિસાગર જિલ્લા કલેકટરની બદલી કરોઃ રાજકોટનાં કલેકટરને આવેદન



રાજકોટ,તા.૮

જાતિવાદી માનસિકતા ધરાવતા મહીસાગર જિલ્લાના ઘમંડી કલેકટર નેહા કુમારી એ કયા આધારે અને પુરાવાઓ થી જાહેરમંચ પરથી નિવેદન આપેલ કે દલિતો અને આદિવાસીઓ દ્વારા એટ્રોસિટીના ૯૦% કેશો ખોટા અને બ્લેકમેઈલ કરવા માટે કરે છે આનો જવાબ માંગવા આવો આપણે સહુ સાથે મળી ખૂબજ મોટી સંખ્યા હાજરી આપી મહીસાગર જીલ્લા કલેકટર નેહા કુમારી ને સરકાર તાત્કાલિક ધોરણે બરતરફ કરી ગુજરાત બહાર ટ્રાન્સફર કરે એવી માંગણી રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવીને માંગ કરેલ હતી. આ આવેદનપત્ર સમયે નરેશ સાગઠીયા, વસરામભાઈ સાગઠીયા, રમેશભાઈ મુછડીયા, જગદીશભાઈ સાગઠીયા, રઘુદાસબાપુ યાદવ, વસરામભાઈ ચાંડપા, અશોકભાઈ વાળા, રાજુભાઈ બગડા, બીપીનભાઈ રાઠોડ, રાણાભાઈ સોલંકી, રવજીભાઈ ખીમસુરીયા, હેમંતભાઈ સોઢા, નરેશ પરમાર, સુરેશ ચાવડા, પ્રવિણભાઈ સાગઠીયા, રમેશભાઈ ડૈયા. રમેશ કે વધેરા મુકેશભાઈ વાઘેલા, રાહુલ સોલંકી, અખીલ કોચરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રકે બે વાહનને ફંગોળ્યા, એક શ્રમિકનું મોત

રાજકોટઃ આટકોટ ગુંદાળા રોડ પર ટ્રક ચાલકે બે વાહનને ઠોકર મારી હતી અને તેમાં મુસાફરી કરી રહેલા એકનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અન્યોને સામાન્ય ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના પગલે સેવાભાવીઓના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા અને બચાવ કાર્ય હાથ ધર્યું હતું. આટકોટ ગુંદાળા રોડ પર અજીત એજન્સી પાસે ટ્રક ચાલકે એક્ટીવા અને બાઇકને હડફેટે લેતા બાઇક ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું.આટકોટ ગુંદાળા રોડ પર સમી સાંજે ટ્રક ચાલકે બે બાઈકને હડફેટે લીધા હતા. જેમાં ગરણી ગામના રાજુ નામનો યુવક ટ્રકના જોટામાં આવી જતાં શ્રમિકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. બનવા એટલો કરૂણ હતો કે તેની ખોપરી ધડથી અલગ થઈને દુર જઈને પડી હતી. જ્યારે એકટીવા ચાલકને દંપતીને ઈજા થતાં તેમને તાત્કાલિક ૧૦૮ની મદદથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ડ્રેનેજના ભાંગેલા ઢાંકણા અંગે કોર્પો.ને ફરિયાદ કરવા અપીલ

### ટોલ ફ્રી, વોટસએપ, વેબસાઈટ પર જાણ કરી શકાશે



રાજકોટ, તા.૮

મહાનગરપાલિકાનાં રસ્તા પર તુટેલા ભુગર્ભ ગટરના ઢાંકણા અને ફ્રેમનાં કારણે થતાં અકસ્માતોનાં નિવારણ અર્થે તેમજ સલામતી માટે નાગરીકોને ભુગર્ભ ગટરનાં મેનહોલનાં તુટેલ ઢાંકણા ધ્યાનમાં આવ્યેથી તાત્કાલીક કોર્પો.ના ટોલ ફ્રી નં.-૧૫૫૩૦૪, વોટસઅપ નં.-૯૫૧૨૩૦૧૯૭૩ પર જાણ કરવી અથવા જે-તે વિસ્તારની વોર્ડ ઓફિસે કે લગત ઝોન ઓફિસે જાણ કરવી. નાગરીકોએ કોઈપણ પ્રકારનાં પાણીનાં નિકાલ માટે ભુગર્ભ ગટરનાં ઢાંકણા ખોલવા કે તોડવા નહિ. જેથી મુખ્ય રસ્તા કે શેરીઓમાં વાહન વ્યવહારમાં અડચણ ન થાય અને આ કારણોસર થતાં અકસ્માતોને નિવારી શકાય તેવી જાહેર અપીલ પણ કરી છે.

# જંત્રી દર વધારા સામે વિરોધઃ રેવન્યુ બાર એસો.એ ૨૪ સૂચનો આપી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

## વકીલો મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ પહોંચ્યા હતા, સૂચીત જંત્રીમાં સીધો ૧૦ ગણો વધારો અયોગ્ય ઠેરાવ્યો

રાજકોટ, તા.૮

જંત્રી દર વધારા સામે વિરોધ ચાલી રહ્યો છે ત્યારે રેવન્યુ બાર એસો.નાં વકીલો આજે મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. ૨૪ સૂચનો આપી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

રેવન્યુ બાર એસો. એ રજુઆતમાં જણાવેલ છે કે, હાલમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલ સૂચિત જંત્રીની પૂર્વ ભૂમિકામાં જોઈએ તો વર્ષ ૨૦૧૧માં જંત્રી અમલમાં આવેલ ત્યારબાદ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩ માં કોઈપણ જાતના સર્વે કર્યા વગર જંત્રીના દર બે ગણો કરવામાં આવેલ છે. સામાન્ય રીતે કોઈપણ મિલકતમાં ભાવવધારો દર વર્ષે મોંઘવારી, વરસાદ, ખેત-ઉપજ, ધંધાકીય પરિસ્થિતિ, શેરબજાર અને સરકાર દ્વારા જાહેર થતી વિવિધ પોલીસી અને નોકરીયાતના પગાર પર આધારિત હોય છે.

છેલ્લા પાંચ વર્ષના વધઘટની સરેરાશને ધ્યાને લઈ દર વર્ષે સમય સંજોગો મુજબ જંત્રી દરમાં વધારો કરવો જોઈએ. જ્યારે હાલની સૂચીત જંત્રીમાં સીધો ૧૦ ગણો વધારો કરવામાં આવેલ છે અને આવા ભાવ વધારા સાથે જંત્રી અમલમાં મૂકવામાં



આવે તો રિઅલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીઝને મરણ તોલ ફટકો પડે તેમ છે એક સાથે મોટા જંત્રીમાં વધારાથી પ્રથમ મુશ્કેલી કેપિટલ ગેઈન ભરવાની જવાબદારી તેમજ ખરીદનારને સ્ટેમ્પ ડ્યુટી અને વાઈટ મૂડીનો પ્રશ્ન થાય તેમ છે.

ઉદાહરણ તરીકે હાલ રાજકોટના મોટામવાની રેવન્યુ સર્વે નંબર ૧૪૬ ની રહેણાંકની જંત્રી ૨૦૧૧ માં ૨૫૦૦ હતી ત્યારબાદ ૨૦૨૩ ડબલ સાથે તે ૫૦૦૦ કરવામાં આવી હાલમાં આ જંત્રી ૪૭૦૦૦ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૨ મા જે જંત્રી હતી તેના કરતાં ૧૮ ગણી અને ૨૦૨૨ ની સરખામણીમાં ૯.૪૦ ગણી વધારો કરવામાં આવેલ છે એટલે કે જો કોઈ વ્યક્તિ પોતાની પાસે ૧૦૦૦ એક હજાર મીટરનો પ્લોટ ૨૦૨૩ માં ખરીદેલ હોય અને ૨૦૨૫ માં ખરીદ-વેચાણ થાય તો ૪ કરોડ ૭૦ લાખ વાઈટના જોઈશે.

તેના ઉપર ૧ ટકો ટીડીએસ ભરવાનો થશે અને ૨૪ લાખ જેટલી સ્ટેમ્પ ડ્યૂટિ ભરવાની થાઈ અને જ્યારે વેચનારને ૫૦ લાખનો પહેલો દસ્તાવેજ અને હાલના ૪ કરોડ ૭૦ લાખ બાદ કરતા ૪ કરોડ ૨૦ લાખ ઉપર કેપિટલ ગેઈન ૧૨.૫ ટકા મુજબ ૫૨,૫૦,૦૦૦ ભરવાનો થશે જેથી કરીને કોઈ પણ રોકાણકારને પોતાના નફામાંથી આટલો ટેક્ષ+વાઈટની મૂડી+સ્ટેમ્પ ડ્યૂટિ ભરે અને તેના ઉપર કોઈ મિલકત બનાવે તો ઉપરોકત તમામ રકમ ઉમેરવાથી મિલકત આપોઆપ મોંઘી થશે જેનો માર નાના માણસો ઉપર વિશેષ પડશે. જેથી સરકાર ની એફોર્ડેબલ મકાન આપવાની યોજના સાથે સુસંગત નહીં રહે.

હજુ વર્ષ ૨૦૨૩ માં જંત્રીમાં બે ગણો વધારો કર્યા બાદ આટલો મોટો વધારો કરવો વ્યાજબી ન હોય. વકીલોએ સરકારને સૂચનો સિ(૧) રિઅલ એસ્ટેટની સાનુકૂળ પરિસ્થિતિ અને રાજયની પરિસ્થિતિ મુજબ દર વર્ષે વધારો કરવો. (૨) કેપિટલ ગેઈન ૧૨.૫ % છે તે ૫% ટકા કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ભલામણ કરવી. (૩) સ્ટેમ્પ ડ્યુટી ૧% અને રજીસ્ટ્રેશન ફી ૧% કરવી. અન્ય રાજ્યોમાં પણ સ્ટેમ્પ ડ્યુટીનો દર ગુજરાતની સરખામણીમાં ઓછો છે. (૪) સૂચિત જંત્રીમાં વર્ષ ૨૦૨૫ મા ૫૦% જંત્રી વધારવી. વર્ષ ૨૦૨૬ મા ૬૫% જંત્રી વધારવી. વર્ષ ૨૦૨૭ મા ૮૦% જંત્રી વધારવી. વર્ષ ૨૦૨૮મા ૯૦% જંત્રી વધારવી. વર્ષ ૨૦૨૯ મા ૧૦૦% જંત્રી વધારવી.

# યુવક સહિત ત્રણના હાર્ટએટેકથી મોત

## લક્ષ્મીનગરના દિપેશભાઈ જોટાણીયા, વિશ્વનગરમાં રાજેશભાઈ લાઠિયા અને સોની બજારમાં દિનેશભાઈ ભુરીયાનું હૃદય થંભી ગયું

રાજકોટ તા.૮

હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ ત્રણના હૃદય થંભી ગયા છે. લક્ષ્મીનગરમાં દિપેશભાઈ જોટાણીયા, વિશ્વનગરમાં રાજેશભાઈ લાઠિયા અને સોની બજારમાં દિનેશભાઈ ભુરીયાનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લક્ષ્મીનગર શેરી નં-૩ માં રહેતાં દિપેશભાઈ વ્રજલાલભાઈ જોટાણીયા (ઉ.વ.૪૨) તેઓની ગઈ કાલ રાત્રિના તબિયત લથડતાં દવા લેવા જતાં હોય ત્યારે માયાણી ચોક પાસે પહોંચતા બાઈકમાં જ ઢળી પડતાં તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ



સબમર્સીબલ પંપ ટ્રેડિંગ દુકાન ચલાવતા હતા. તેઓને સંતાનમાં બે પુત્રી હોવાનું મૃતકનાં પરિવારજને જણાવ્યું હતું.

બીજા બનાવની વિગત મુજબ મવડીમાં વિશ્વનગરમાં રહેતાં રાજેશભાઈ બાબુભાઈ લાઠિયા (ઉ.વ.૫૫) નામનાં પ્રૌઢ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતાં તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું. વધુ એક બનાવની વિગત મુજબ સોની બજારમાં કામદાર શેરીમાં રહેતાં દિનેશભાઈ નીતાઈ ભુરીયા (ઉ.વ.૫૪) નામનાં પ્રૌઢ ગઈ કાલ રાત્રિના પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના એક વાગ્યાની આસપાસ અચાનક તબિયત લથડતાં તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# ગોંડલ શાકભાજી એન્ડ ફ્રુટ માર્કેટ યાર્ડમાં ભર શિયાળામાં કેસર કેરીનું આગમન



ગોંડલ શાકભાજી એન્ડ ફ્રુટ માર્કેટીંગ યાર્ડમા ભર શિયાળામાં કેસર કેરીનું આગમન થયું હતું. સમગ્ર ગુજરાતમાં પોરબંદર પછી ગોંડલ માં મીઠી મધુર ફળોની રાણી ગણાતી કેસર કેરીનું આગમન થયું છે. માર્કેટીંગ યાર્ડ ના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયાએ જણાવ્યું હતું કે ધારી તાલુકાનાં દૂધાળા ગામેથી કેસર કેરીનું આગમન થયું છે.કેસર કેરીના પાંચ કિલોના ૧૨ બોક્સની આવક જોવા મળતા હરાજીમાં એક કિલો કેરીના ભાવ ₹૫૨૫ સાથે બોક્સ નો ભાવ ₹૨૬૨૫બોલાયો હતું.

# રાજકોટની ૨૦૦૦ સોસાયટીમાંથી ૫.૬૦ લાખ વીજપોલ હટાવી લઈ ફજ લાઈન અન્ડરગ્રાઉન્ડ કરાશે, ૨ વર્ષ પછી વીજસમસ્યા નહીં રહે

રાજકોટ, તા. ૮ઃ કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ સહિતના વિસ્તારમાં વીજચોરી, ફોલ્ટ અને જીવલેણ અકસ્માત ઘટશે રાજકોટ અને ગાંધીધામમાં ૮૦૦ કિ.મી.માં પહેલીવાર ઘર સુધી આવતી લાઈનને જમીનની અંદર નખાશે.

રાજકોટ અને કચ્છના ગાંધીધામમાં હવે એલટી લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરવાનો પ્રોજેક્ટ પીજીવીસીએલએ હાથ પર લીધો છે. આ માટે કુલ ૧૨૩૩ કરોડ રૂપિયાની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી હતી. જેની મંજૂરી મળી જતાં રાજકોટમાં કાલાવડ રોડ અને યુનિવર્સિટી રોડ સહિત કુલ ૮ સબ ડિવિઝન વિસ્તારમાંથી તબક્કાવાર કુલ ૫.૬૦ લાખ વીજપોલ દૂર કરી દેવામાં આવશે.



બે વર્ષના સમયગાળામાં કુલ ૨૦૦૦ સોસાયટીમાંથી વીજપોલ દૂર કરીને અન્ડરગ્રાઉન્ડ લાઈન બિછાવી દેવામાં આવશે. આ માટે ૬ સબ ડિવિઝનમાં ૭૦-૭૦ કરોડ રૂપિયાના ટેન્ડર કરી દેવામાં આવ્યા છે. જ્યારે ખોખળદડ અને વાવડી સબ ડિવિઝનમાં ૧૧KV લાઈન પણ અન્ડરગ્રાઉન્ડ કરવાની હોવાથી ત્યાં બે તબક્કે ૭૦-૭૦ મળી કુલ ૧૪૦ કરોડના ટેન્ડર કરવામાં આવશે.

કચ્છના ગાંધીધામમાં પણ એચટી અને એલટી લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરવા માટે ૫૩૩ કરોડ રૂપિયા વાપરવામાં આવશે. જ્યારે રાજકોટમાં ૮ સબ ડિવિઝનમાં એલટી અને એચટી લાઈન જમીનમાં બિછાવવા માટે કુલ ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તેમ પીજીવીસીએલના અધિકારીએજણાવ્યું હતું. અંડર ગ્રાઉન્ડ નેટવર્કમાં મુખ્ય વીજલાઈન સાથે અન્ય પેરેલલ સ્પેરમાં બીજી લાઈન પણ નાખવામાં આવશે. કારણ કે, મુખ્ય લાઈનમાં મેજર ફોલ્ટ થાય તો અન્ય પેરેલલ લાઈન એક્ટિવ કરી ગણતરીના સમયમાં વીજ પુરવઠો પૂર્વવત કરી શકાય. પાઈલટ પ્રોજેક્ટ સફળ થયા બાદ આખા રાજકોટ શહેરમાં અંડર ગ્રાઉન્ડ વીજ નેટવર્ક ઊભું કરવા માટેની પ્રપોઝલ કેન્દ્ર સરકાર સમક્ષ મૂકવામાં આવી છે.

---

# વીરપુર પાસેના ચરખડી ગામ પાસે ટ્રેક્ટર અને મોપેડ વચ્ચે અકસ્માતમાં મહિલાનું ઘટના સ્થળે મોત

- **જેતપુર આંગણવાડીમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા મહિલાનું અકસ્માતમાં મૃત્યુ**
- **વીરપુર પંથકમાં બેફામ રીતે ચાલતા રેતીના અને ખનીજના વાહનો ઉપર તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવા લોકોની માંગ**

વીરપુર, તા. ૮ઃ વીરપુર પાસેના ચરખડી ગામ નજીક આવેલ પાણીના ટાંકા પાસે એક્ટિવા અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં જેતપુર આંગણવાડીમાં ફરજ બજાવતી મહિલાનું મોત નીપજ્યું હતું અને ટ્રેક્ટર ચાલકને ઈજા થવા પામી હતી.રેતી ભરેલ ટ્રેકટર અકસ્માત બાદ પલ્ટી જવા પામ્યું હતું.






આજે પોલિયો રવિવાર હોવાથી આંગણવાડીમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય સલમાબેન માડકીયા ધોરાજી રોડ પર ચામુંડા નગરમાં આવેલ આંગણવાડીમાં એક્ટિવા લઈ ફરજ પર જઈ રહ્યા હતા ત્યારે સવારે નવ વાગ્યાની આસપાસ રેતી ભરેલ ટ્રેક્ટર અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો ટ્રેકટર પાછળની ટ્રોલીએ એક્ટિવાને હડફેટે લીધું હતું જ્યારે અકસ્માત બાદ રેતી ભરેલ ટ્રેકટર પલ્ટી મારી ગયુ હતું. અકસ્માતના કારણે મહિલાનું ઘટના સ્થળેજ મોત નીપજ્યું જ્યારે ટ્રેક્ટર ચાલક મોહનભાઈ ભૂરાભાઈ મારવાડીને ઈજા થવા પામી છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત અને મૃતક મહિલાને વીરપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.મૃતક સલમાબેનના પરિવારમાં તેઓ પતિ પત્ની જ હતા પત્નીનું મોત થતા ખેત મજૂરી કરતા પતિ ભાંગી પડ્યા હતા પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. હાલ આ અકસ્માતની સમગ્ર મામલે ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વીરપુરની આસપાસના વિસ્તારોમા ખનીજ તેમજ રેતીના માફિયા બે ફામ બન્યા છે,ખુલેઆમે રેતીના અને ખનીજ ચોરી કરીને બેફામ ટ્રેક્ટરો તેમજ ડમ્પરો માતેલા સાંઢની જેમ લૂખી દાદાગીરી કરીને બેફામ રીતે રેતી ખનીજ ભરેલ વાહનો ચલાવે છે,વીરપુર પંથકમાં ચાલતા ખનીજ રેતીના ગેરકાયદેસર વાહનોની તપાસ જો પોલીસ તેમજ પ્રાંત અધિકારી કે જેતપુર મામલતદાર દ્વારા કરવામાં આવે તો લાખો કરોડો રૂપિયાની ખનીજ રેતીના ગેરકાયદેસર વાહનો તેમજ ખનીજ તેમજ રેતી ચોરી પકડાય તેમ છે પરંતુ આ ખુલેઆમ બેફામ રીતે ચલાવતા ખનિજ રેતીના ટ્રેક્ટરો કે ડમ્પરો બાબતે મામલતદાર તેમજ વીરપુર પોલીસ પણ જાણી જોઈને આંખ આડા કાન કરી રહી છે કે હસારાજ ચાલે છે !? તેવી ચર્ચાઓ લોક મુખે ઉઠવા પામી છે.




# અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા અને રાજેન્દ્રસિંહ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત

**ભારતીય જનતા પાર્ટીમાં શરૂથી સક્રિય એવા અનિરુદ્ધસિંહ જાડેજા રીબડાનો પોરબંદર અને જામનગર સિવાય અનેક જિલ્લામાં દબદબો રહ્યો છે અને ચુંટણીમાં ગ્રાઉન્ડ લેવલે કામગીરી કરી ભાજપના ઉમેદવારને મોટી લીડથી જીતાવ્યા છે**

**હજારો દિકરી-દીકરાઓના સમુહલગ્ન કરાવવામાં જેનો સિંહ ફાળો છે તેવા અનિરુદ્ધસિંહ હંમેશા રિબડાની જનતાના સુખે સુખ અને દુખે દુખમાં સાથે ઉભા રહે છે**

## સેવા પરમો ધર્મ જેનું સુત્ર છે તેવા અનિરુદ્ધસિંહ જાડેજાને આવકારતા મુખ્યમંત્રી

અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા અને રાજેન્દ્રસિંહ ગુજરાતના માન્ય શ્રી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ શુભ મુલાકાત કરી હતી તેમજ અનિરુદ્ધસિંહ જાડેજા તે પોતે ભાજપમાં પહેલેથી કામ કરતા આવ્યા છે અને કરે છે રીબડા ફાર્મ ની અંદર ગમે એ હોય જાતભાત જોયા વગર ગમે તેની માટે દરવાજા ખુલ્લા હોય કોઈ નાત પાંચ જોતા નથી ચા પાણી જમ્યા વગર કોઈને જવા દેતા નથી ૨૪ કલાક ફાર્મ ખુલ્લું હોય છે મુખ્યમંત્રી હોય કે ગૃહમંત્રી અનિરુદ્ધસિંહ જાડેજાને આવકારે છે સાહેબ અમિત શાહે જવાબદારી સોંપીતી બહુ જંગી જીત્યા હતા ભાજપ સાથે પહેલેથી જોડાયેલ અને ભાજપથી પોરબંદર સીટ હોય કે જામનગર સીટ હોય ગુજરાતમાં ગમે ત્યાં સીટ હોય જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવે છે ભારતીય જનતા પાર્ટી થી સક્રિય છે હોસ્પિટલ હોય કે ગમે તે કામ હોય ગમે તે જરૂરિયાત હોય પૂરી પાડે છે નાત ભાત જોતા નથી ગમે તે સમાજ હોય દીકરી ને પણ કીધા વગર કોઈને કહ્યા વગર કોઈ નામ વગર મદદ કરતા આવ્યા છે.

# ગૃહમંત્રી હર્ષ સંઘવીના નિવેદનના ૪૮ કલાકમાં આરોપીઓના ચાર 'વરઘોડા'

## અમદાવાદ, વડોદરા ને રાજકોટમાં લુખ્ખાગીરી કરનારાઓની તેમના જ વિસ્તારમાં લઈ જઈ સાન ઠેકાણે લાવી





અમદાવાદઃ ગાંધીનગરમાં બે દિવસ પહેલાં યોજાયેલા એક કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસકર્મીઓને અપીલ કરતાં કહ્યું હતું કે પોલીસકર્મીઓએ તેમને આપેલો દંડ છૂટથી વાપરવો જોઈએ, ગુનેગાર જે ભાષા સમજે એ ભાષાથી સમજાવી શકે તેને જ પોલીસ કહેવાય. આ ઉપરાંત લુખ્ખાગીરી કરનારાઓને ચેતવણી આપતાં કહેલું કે રાજ્યના સામાન્ય નાગરિકોને કોઈ ટપોરી હેરાન કરશે તો તેનો વરઘોડો નીકળશે જ. હર્ષ સંઘવીના આ નિવેદનના ૪૮ કલાકમાં જ અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં લોકોને રંજાડનારાં તત્ત્વોને પોલીસે તેની જ ભાષામાં સમજાવ્યા હતા. ચાર શહેરમાં પોલીસ આરોપીઓને તેમના જ વિસ્તારમાં લઈ જઈ તેમની સાન ઠેકાણે લાવી દીધી હતી.અમદાવાદમાં તાજેતરમાં સરસપુરમાં મીઠા પાણીના દરવાજા પાસે પંડિતનગરમાં કેટલાક ટપોરીઓએ તોડફોડ કરીને આતંક મચાવ્યો હતો. આ બધું ચાલી રહ્યું હતું ત્યારે ભોગ બનેલા લોકો પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આ બધા ટપોરીઓ પોતાનો પ્રભાવ ઊભો કરવા માટે આ પ્રમાણે આતંક મચાવતા હતા અને જેના કારણે આ વાત છેક ઉચ્ચ પોલીસઅધિકારી સુધી પહોંચી હતી અને તેના બાદ આરોપીઓને ગમે ત્યાંથી શોધીને તેને કાયદાનો પાઠ ભણાવવામાં આવે એવી સૂચના આપવામાં આવી હતી.



એ-ડીવીઝન પીઆઇ બારોટ

પંડિતનગરમાં થયેલી બબાલમાં રાતે લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં અને આ સમગ્ર વીડિયો વાઇરલ થયા હતા. આ વીડિયોમાંથી આરોપીની ઓળખ કરી પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓને લઈ પોલીસ તેના જ વિસ્તારમાં પહોંચી હતી અને કાયદાનું ભાન કરાવ્યું હતું.


રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી અસામાજિક તત્ત્વોનો આતંક વધતો જોવા મળી રહ્યો છે, જેમાં ગઇકાલે પણ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખત્રીવાડ હવેલી રોડ ઉપર એક રિક્ષાચાલકનો આતંક સામે આવ્યો હતો અને ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે રિક્ષાચાલક દ્વારા ૪૨ વર્ષીય દીપાંકર બંગાળી નામની વ્યક્તિ સાથે બોલાચાલી કરી તેના ઉપર રિક્ષાચાલક દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે દીપાંકર બંગાળી દ્વારા રાજકોટ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ ની કલમ ૧૧૮(૨), ૧૧૫(૨), ૩૫૨ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે ગણતરીની કલાકોમાં રિક્ષાનંબર તેમજ સીસીટીવી ફૂટેજના આધારે આરોપી સાકીરખાન પઠાણ નામના શખસની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીની ધરપકડ કર્યા બાદ આજે પોલીસ દ્વારા આરોપી સાકીરખાન પઠાણને ઘટનાસ્થળે લઈ જવામાં આવ્યો હતો અને રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું અને પંચરોજ કામ કરવામાં આવ્યું હતું, જેમાં તે ક્યાંથી ક્યાં જતો હતો તેમજ કઈ જગ્યાએ કેવી રીતે ઘટનાને અંજામ આપ્યો હતો એ અંગે નિવેદન નોંધવામાં આવ્યું હતું. આરોપીને પોલીસે તેની જ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

વડોદરા શહેરમાં હત્યાનો પ્રયાસ કરનાર એક આરોપીને પણ પોલીસે જાહેરમાં લઈ જઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. અગાઉ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ અસામાજિક તત્ત્વોને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો. એને અનુલક્ષીને આજે વડોદરા શહેર પોલીસના સિટી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી યાકુતપુરાથી આરોપીઓનો જાહેરમાં 'વરઘોડો' કાઢવામાં આવ્યો હતો. આ

# સેમીકન્ડક્ટરની આયાત ૨૦૨૩-૨૪માં ૧૮.૫% વધીને રૂ. ૧.૭૧ લાખ કરોડ

## ૨૦૨૧–૨૨માં ૧.૦૭૧ લાખ કરોડના ૧૭.૮૯ અબજ ચિપસેટની આયાત કરવામાં આવી હતી



અમદાવાદઃદેશ-દુનિયાની નેક્સટ ઝેન ટેકનોલોજી માટે મહત્વની ગણાતી સેમિકન્ડક્ટર ચિપની ભારતમાં ભારે બોલબાલા છે. ભારતના મેક ઈન ઈન્ડિયાના સ્વપનને સાકાર કરવા માટે આ ચિપની તાતી જરૂર પડવાની છે અને તેથી જ ભારતમાં મોટાપાયે દેશી અને વિદેશી કાંપનીઓને સેમિકન્ડક્ટર ચિપ પ્લાન્ટ લગાવવા માટે સરકાર પ્રોત્સાહિત કરી રહી છે.

સરકારે ગઈકાલે સંસદમાં જણાવ્યું કે દેશમાં સેમિકન્ડક્ટરની આયાત ૨૦૨૩-૨૪માં ૧૮.૫ ટકા વધીને રૂ. ૧.૭૧ લાખ કરોડ થઈ છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮.૪૩ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સની આયાત કરી છે. સેમિકન્ડક્ટર ચિપની આયાત ૨૦૨૩-૨૪માં ૧૮.૫ ટકા વધીને ૧.૭૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ કોમર્શિયલ ઈન્ફર્મેશન એન્ડ સ્ટેટિસ્ટિક્સ પોર્ટલને ટાંકીને તેમણે કહ્યું કે ૨૦૨૨-૨૩માં દેશમાં ૧.૨૯૭ લાખ કરોડ રૂપિયાની ૧૪.૬૪ અબજ ચિપ્સની આયાત કરવામાં આવી હતી.

ડેટા અનુસાર, ૨૦૨૧-૨૨માં દેશમાં ૧.૦૭૧ લાખ કરોડ રૂપિયાના ૧૭.૮૯ બિલિયન ચિપસેટની આયાત કરવામાં આવી હતી. ભારત સરકારે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને અને વિદેશી રોકાણ આકર્ષીને આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે 'સેમિકોન ઈન્ડિયા' જેવા કાર્યક્રમો શરૂ કર્યા છે.સામાન્ય રીતે જોઈએ તો સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સમાં પ્રોસેસર અને મેમરી યુનિટ તરીકે, વાહનોમાં ઈલેક્ટ્રિક અને ઓટોમેટિક સિસ્ટમમાં, ઘરના સ્માર્ટ ટીવી, ફ્રીજ સહિતના અનેક અન્ય ઉપકરણોમાં, ઈન્ટરનેટ ઓફ થિંગ્સના કનેક્ટેડ ઉપકરણો અને સેન્સરમાં, સંરક્ષણ અને એરોસ્પેસ, એમઆરઆઈ, એક્સરે સહિતના તબીબી ઉપકરણો માટે આ ચિપને કરોડરજ્જુ માનવામાં આવે છે.

# નવા વર્ષથી મારુતિની કાર ૪% મોંઘી થશે

## હ્યુન્ડાઈ, મર્સિડિઝ બેન્ઝ, અને ઓડીએ પણ કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી




મુંબઈઃ હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા બાદ ભારતની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકીએ પણ આવતા મહિનાથી કારની કિંમતો વધારવાનો નિર્ણય લીધો છે. આ વધારો કંપનીના લાઇનઅપના તમામ મોડલ પર ૪% સુધીનો હશે. વધેલા દરો ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ થશે.સુઝુકીએ શુક્રવારે (૬ ડિસેમ્બર) એક એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી હતી. એક દિવસ પહેલા ગુરુવારે (૫ ડિસેમ્બર), હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડે પણ નવા વર્ષથી તેના તમામ મોડલની કિંમતોમાં રૂ. ૨૫,૦૦૦નો વધારો કરવાની જાહેરાત કરી હતી.

બંને ભારતીય કંપનીઓ ઉપરાંત, ભારતમાં બિઝનેસ કરતી મર્સિડીઝ બેન્ઝ, અને એ પણ નવા વર્ષથી ભાવ વધારાની જાહેરાત કરી છે. તમામ કંપનીઓએ કિંમતો વધારવા પાછળ એક જ કારણ આપ્યું છે. ઈનપુટ ખર્ચ અને લોજિસ્ટિક્સમાં વધારાને કારણે કંપનીઓએ આવો નિર્ણય લીધો છે.માર્કેટ શેરની દ્રષ્ટિએ મારુતિ સુઝુકી ભારતની સૌથી મોટી કાર કંપની છે. ભારતીય બજારમાં તેનો ૪૦% હિસ્સો છે. કંપનીએ નવેમ્બર ૨૦૨૪માં ૧.૪૪ લાખ કાર વેચી હતી. વાર્ષિક ધોરણે ૭.૪૬%નો વધારો થયો છે.

ગયા વર્ષે સમાન સમયગાળામાં કંપનીએ સ્થાનિક બજારમાં ૧.૩૪ લાખ કાર વેચી હતી. યુટિલિટી વ્હીકલ સેગમેન્ટમાં, બ્રેઝા, ફ્રોક, ગ્રાન્ડ વિટારા સહિતની એસયુવીના વેચાણમાં લગભગ ૧૭% વાર્ષિક વૃદ્ધિ જોવા મળી છે.મારુતિ સુઝુકીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર)માં રૂ. ૩,૦૬૯ કરોડનો નફો (એકલો ચોખ્ખો નફો) કર્યો છે. વાર્ષિક ધોરણે () ૧૭%નો ઘટાડો થયો છે. એક વર્ષ પહેલા જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ ૩૭૧૭ કરોડ રૂપિયાનો નફો કર્યો હતો.

# ઘઉંની ખુલ્લા બજારમાં વેચાણ સ્કીમના પ્રથમ તબક્કાને પ્રોસેસરો તરફથી મોટો પ્રતિસાદ



મુંબઈઃ ખુલ્લા બજારમાં ઘઉંના ઊંચા ભાવને ધ્યાનમાં રાખી ઓપન માર્કેટ સેલ્સ સ્કીમ હેઠળ પ્રથમ ઓકશનમાં એક લાખ ટન ઘઉં છૂટા કરવાના સરકારના નિર્ણયને મોટો પ્રતિસાદ મળ્યો હતો. સાપ્તાહિક ઓકશનના પ્રથમ જ રાઉન્ડમાં ૧૫૦૦ જેટલા પ્રોસેસરોએ ૯૮૭૦૦ ટન ઘઉં મેળવવા બિડ ભરી હોવાનું ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના સુત્રોએ જણાવ્યું હતું.

પૂરવઠો અટકી પડયો છે એવું નથી પરંતુ જ્યારે ભાવ વધી રહ્યા હોય છે ત્યારે મિલરો સ્ટોક પકડી રાખતા ખચકાય છે અને માટે ઓકશનના પ્રથમ તબક્કામાં વધુ સહભાગ જોવા મળ્યો છે, એમ એફસીઆઈના સુત્રોએ સ્પષ્ટતા કરી હતી.

સરકાર એફસીઆઈ મારફત ઓકશન દ્વારા ખુલ્લા બજારમાં ઘઉં ઠાલવી રહી છે. ખુલ્લા બજારમાં ઘઉંના ભાવ હાલમાં ઊંચા પ્રવર્તી રહ્યા છે જ્યારે એફસીઆઈ બિડરોને ટેકાના ભાવે ઘઉં ઓફર કરી રહી છે. ખુલ્લા બજારમાં ઘઉંના ઊંચા ભાવને કારણે બેકરી પ્રોડક્ટસના ઉત્પાદકો માટે ભાવ વધારવાનું દબાણ આવી રહ્યું છે. હાલમાં ઘઉંના સરેરાશ રિટેલ ભાવ પ્રતિ કિલો રૂપિયા ૩૨ આસપાસ જોવા મળી રહ્યા છે. ઈ-ઓકશન મારફત વેચાનારા સરેરાશ ગુણવત્તાના ઘઉં માટે પ્રતિ ક્વિન્ટલ ભાવ રૂપિયા ૨૩૨૫ નિશ્ચિત કરાયો છે.

# સોનાના ઘરેણાંની ઠગાઈ કરતી ટોળકીના મહિલા સહિત ૩ ઝડપાયા

## સુરત-વડોદરામાં પણ નોંધાયેલા છે ગુના

રાજકોટ, તા. ૮ઃ રાજકોટમાં સોનાના ઘરેણાની ઠગાઈ કરતી ટોળકીના ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. ફરિયાદી પલ્લવીબેન વડોદરિયા એ એડમિશન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તારીખ ૨૫ નવેમ્બરના રોજ તે પોતાના પતિ કિરણભાઈ સાથે ધર્મેન્દ્ર રોડ ઉપર ખરીદી કરવા ગયા હતા, ત્યારે એક અજાણી મહિલા ત્યાં આવી હતી અને કહ્યું હતું કે, આપણી સામે જે બહેન છે તેમની પાસે ઘણા પૈસા છે અને તેને જયપુર જવું છે તો તમે તે પૈસા ગણી આપો તેમ કહ્યું હતું બાદમા બન્ને મહિલાએ કઈક કરી નાખતા પલ્લવી બેને સોનાની બે બંગડી, ચેઈન અને પેંડલ આપી દીધા હતા બાદમાં તેમને આપેલ બેગમાં ઉપર રૂપિયા ૫૦૦ની નોટ હતી અને નીચે કોરા કાગળ હતા. જોકે, દરમિયાન બંને મહિલાઓ નાસી છૂટી હતી. જોકે, આરોપીઓ રાજકોટથી વડોદરા પહોંચતા વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી અને ઝડપી લેવામાં આવ્યા હતા તેઓ મૂળ દિલ્હીના હતા અને તેનું નામ રત્રી સીતારામરત્રી બાવરી, પૂનમ



સોનુ હારીમલ અને વિશાલ શયામલ બાવરી હતુ. ત્રણેય આરોપી સામે વડોદરાના રાવપુરા અને સુરતના પાંડેસરા અને લિંબાયત એમ બંને વિસ્તારમાં ગુના નોંધાયેલા છે.

### માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગમાં ૩૯ કેસ કરાયા

રાજકોટ શહેર માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગ કરવામાં આવ્યું હતું જે દરમિયાન દેશી દારૂના ૮, ખટ એક્ટના ૨, કેફી પ્રવાહી પીધેલા ૫, જીપી એક્ટ કલમ ૧૪૨નો ૧ કેસ, જીપીએફ કલમ ૧૩૫નો ૧, એમવી એક્ટ ૨૦૭નો ૧, એમ વી એક્ટ એન.સી.ના ૧૨ કેસ, બી એન એસ કલમ ૨૮૫નો ૧ અને પ્રોહિબિશનની ૮ રેડ કરવામાં આવી હતી.

### યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટની ગોકુલ વિદ્યાલય પાસે અનમોલ પાર્ક શેરી નંબર ૨માં રહેતા અને મૂળ ગીર સોમનાથના વડનગર ગામના ૨૨ વર્ષીય કેવલપુરી જગદીશપુરી ગૌસ્વામીએ શનિવારે મોડી રાત્રે પોતાના ઘરે કોઈ કારણોથી ગળાફાંસો ખાઈ લીધો હતો. જોકે, આ દરમિયાન ૧૦૮માં ફોન કરવામાં આવતા એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી ગઈ હતી પરંતુ, તબીબોએ યુવાનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.

### શાપર-વેરાવળમાં લૂંટના ગુનામાં સંડોવાયેલા ૨ સગીર સહિત ૪ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા

તા. ૭ ડિસેમ્બરના શાપર પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે કોઇ ત્રણ અજાણ્યા ઇસમો તેના મોટર સાયકલમાં આવી ફરીયાદીના એકટીવા આડુ તેનુ વાહન નાખી ફરીયાદીને ઉભા રાખી દઇ ફરિયાદીને છરી બતાવી છરી મારવાની ધમકી આપી હતી. બાદમાં ફરીયાદીનુ એકટીવા મો.સા રજી નં જીજે-૧૧-ઈઙ-૧૬૩૧ કી.રૂ.૫૦ હજાર તથા વાહનની સીટ નીચે રાખેલ રોકડ રૂ.૧.૫ લાખ તથા મોબાઇલ ફોન કી.રૂ.૫,૦૦૦ તેમ કુલ રૂ. ૧.૬૦ લાખની લૂંટ કરી નાસી ગયા હોવાની ફરીયાદ આપી હતી. જે અંગે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. જેથી, રાજકોટ ગ્રામ્ય પોલીસે શાહરૂખ અકબરઅલી અન્સારી ( ઉ.વ.૨૨ ધંધો-મજૂરીકામ રહે. રાજકોટ, પ્રણામી ચોક, રાજકોટ), રાહીલ હમીરભાઈ નારેજા જાતે.સંધી (ઉ.વ.૧૯ ધંધો પ્રાઈવેટ નોકરી રહે.રાજકોટ, કોઠારીયા સોલવન્ટ કાંગશીયાળી રોડ, રસુલપરા શેરી નં ૧૭,તા.જી.રાજકોટ) અને કાયદાના સંઘર્ષમા આવેલ ૨ બાળ કિશોરને ઝડપી લેવાયા હતા.

# સોરઠિયા વાડી સર્કલ પાસે રાઈડ્સ શરૂ કરવા વીજલાઈનમાં લંગરિયાથી બ્લાસ્ટ

રાજકોટ, તા. ૮ઃ શહેરના સોરઠિયા વાડી સર્કલ પાસે પવનપુત્ર ચોક પાસે કોઈ પણ મંજૂરી વગર હીંચકા અને જમ્પિંગ ટ્રેમ્પોલીન લગાવતા ત્યાંથી પસાર થતા વાહનચાલકોને પણ પારાવાર ટ્રાફિકજામની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે અને ત્યાં રહેતા સ્થાનિકોએ મહાનગરપાલિકાના દબાણ વિભાગ અને પીજીવીસીએલમાં પણ જાણ કરી છે. છેલ્લા ઘણા સમયથી બાળકો માટેની રાઈડ્સ, જમ્પિંગ ટ્રેમ્પોલીન રોડ પર રાખી તેમાં હવા ભરવા માટે ત્યાં આવેલા સબસ્ટેશનમાં લંગરિયા નાખતો હોય તે



વેળાએ બ્લાસ્ટ થતાં નાસભાગ મચી ગઈ હતી. જોકે આ ઘટનામાં બાળકો ત્યાં હાજરના હોય મોટી દુર્ઘટના ટળી હતી. સાંજના સમયે આ વ્યક્તિએ બાળકોનું જમ્પિંગ ટ્રેમ્પોલીન ચાલુ કરવા માટે લંગરિયા નાખતા થોડી જ વારમાં બ્લાસ્ટ થયો હતો અને ત્યાં હાજર લોકો પણ દોડી આવ્યા હતા. દરમિયાન ભક્તિનગર પોલીસ મથકના જમાદાર હિતેન્દ્રસિંહ સહિતના સ્ટાફે પહોંચી દૂધસાગર રોડ પર રહેતા સદામ યુનુશભાઈ કુરેશી નામના શખ્સ સામે લોકોને ત્રાસ થાય તે રીતે રોડ પર રાઈડ્સ રાખી ટ્રાફિકને નડતર રૂપ થયા હોવા સહિતનો ગુનો નોંધી તેની અટકાયત કરી વિશેષ કાર્યવાહી કરી છે.

ભક્તિનગર પોલીસે ટ્રાફિકને નડતર સહિતનો ગુનો નોંધી અરોપીની અટકાયત કરી, લત્તાવાસીઓએ મનપાને અનેક રજૂઆત કરી છતાં કોઈ પગલાં ન લેવાયા.

# શ્રી ચાણપા પ્રાથમિક શાળામાં દાતા તરફથી પાણીનો બોર કરી આપવામાં આવ્યો

■ **છેલ્લા ઘણા સમયથી અનિયમિતપાણીની સમસ્યાથી શાળાના વિદ્યાર્થીઓને મળશે હવે રાહત**



રાજકોટ, તા. ૮: ચોટીલા શહેરથી એક દમ નજીક આવેલા ચોટીલા તાલુકાના ચાણપા ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે આ ગામની સરકારી શાળામાં ચોટીલા શહેરમાંથી પણ ૨૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આ શાળામાં પાણી વિતરણ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતું હતું પણ શાળામાં ૧૫૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સહિતના લોકોની જરૂરિયાત અને શાળાના પટાંગણમાં ઉછરી રહેલા વૃક્ષોને નિયમિત પાણી મળતું ન હતું જે બાબતની ચિંતા કરીને શાળાના આચાર્યએ ચોટીલામાં છેલ્લા વીસ વર્ષથી સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા રામ-રહિમ ફાઉન્ડેશનને જાણ કરાતા સંસ્થા દ્વારા મૂળ ચોટીલાના અને હાલ અમદાવાદ રહેતા શ્રી નિલેશભાઈ ખંધારનો સંપર્ક કરતા તેમણે ક્ષણ ભરનો પણ વિલંબ કર્યા વિના તરત જ આ સેવાનો લાભ લીધો હતો અને નિલેશભાઈના માતૃશ્રી હેમલતાબેન અંબાલાલભાઈ ખંધાર પરિવાર તરફથી આ શાળામાં બોર કરીને મોટર, પાઈપ, વાયર અને બોરની સુરક્ષા માટે પાક્કો ઓટલા સહિતનો તમામ ખર્ચ ઉપાડ્યો હતો. જેનું આજ રોજ પ. પુ. ગીતા કુમારીજી મહાસતીજીના જન્મ દિવસે અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પાણીના બોરના લોકાર્પણ પ્રસંગે શ્રી ચાણપા ગામની પ્રાથમિક શાળામાં પધારેલ દાતાશ્રી શ્રીમતી ઉર્વિબેન નીલેશભાઈ ખંધાર, શ્રી નીલેશભાઈ અંબાલાલભાઈ ખંધાર અને તેમના સાથી મિત્ર પારસભાઈ ખંધાર, નીતાબેન ખંધાર, રામ-રહીમ ફાઉન્ડેશનના પ્રમુખ મોહસીનખાન પઠાણ, જ્યોતિબેન સીતાપરા, દિલાવરખાન પઠાણ, તસ્લીમબેન પટેલ, ઈમરાનખાન પઠાણ સહિતના મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને દાતા પરિવાર તથા આવેલ તમામ મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. નાના નાના ભુલકાઓએ પ્રાર્થના અને ભજન ગાઈને મહેમાનોને આવકાર્યા હતા તેમજ દાતાશ્રી નિલેશભાઈ અંબાલાલભાઈ ખંધારના ગુરુશ્રી પ. પુ. ગીતાકુમારીજીના જન્મ દિવસની ખુશીમાં શાળાના બધા બાળકોને અભ્યાસમાં ઉપયોગી તેવા રાઈટિંગ પેડ અને બિસ્કીટ આપી રાજી કરવામાં આવ્યા હતા.શાળા પરિવાર તેમજ આચાર્યશ્રીએ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

રામ રહીમ ફાઉન્ડેશન ચોટીલા પરિવાર દ્વારા દાતાશ્રી નિલેશભાઈ અંબાલાલભાઈ ખંધારનું સન્માન પુષ્પ રૂપી શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય મનોજભાઈ પંચાલ, ભરતસિંહ પરમાર, મહેન્દ્રભાઈ પ્રણામી, હિતેન્દ્રભાઈ વર્મા, આશાબેન પંચાલ અને દેવલબેન વ્યાસ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

## પુષ્પા ૨: શેખાવતના પાત્રને લઈને કરણી સેનામાં રોષ, ફિલ્મ નિર્માતાને આપી ધમકી





રાજકોટ, તા. ૮: પુષ્પા ૨ ફિલ્મમાં શેખાવત નામના પાત્રને નકારાત્મક રોલમાં દર્શાવવામાં આવ્યું છે, જેને લઈને કર્ણી સેનામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કર્ણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે આ પાત્રને ફિલ્મમાંથી હટાવવાની માંગ કરી છે. જો આમ ન કરવામાં આવે તો તેઓ ગંભીર પરિણામો ભોગવવા માટે તૈયાર રહે તેવી ચેતવણી આપી છે.

## વેરાવળમાં કેન્દ્રીય વિદ્યાલય બનશે, સાંસદ રાજેશ ચુડાસમાની ધારદાર રજુઆત સફળ થઈ



વેરાવળ, તા. ૮: છેલ્લા ઘણા સમયથી ગીર સોમનાથના જીલ્લા મથક વેરાવળમાં કેન્દ્રીય વિદ્યાલય બનાવવાની માંગણી થઈ રહી હતી. જેને લઈ ગત તા.૯-૮-૨૪ ના રોજ સાંસદ રાજેશ ચુડાસમાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને પત્ર લખી વેરાવળમાં કેન્દ્રીય વિદ્યાલય મંજુર કરી બનાવવા ધારદાર માંગણી કરી હતી. જેને તાજેતરમાં કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં મંજૂરી મળી હોવાથી આગામી દિવસોમાં વેરાવળમાં કેન્દ્રીય વિદ્યાલયનું નિર્માણ થશે. આમ સાંસદ રાજેશ ચુડાસમાના નિરંતર પ્રયાસોથી જીલ્લાને જરૂરી સુવિધા પ્રાપ્ત થઈ હોવાથી ઠેરઠેરથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**માણસ સુખ ની શોધમાં ને શોધમાં કર્મ ને ભૂલી જાય છે...
એ નથી જાણતો કે, દરેક સુખના છેડાની શરૂઆત
પોતાના કર્મથી જ થાય છે...
કર્મો સદા સજાગતાપૂર્વક કરીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



## અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English Language With
Money Back
Guarantee..
FREE TRIAL 3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ ટૂંક સમયમાં શરૂ.
SCAN TO ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



|| શ્રી ગુરૂ દત્તાત્રેયજી ||



|| શ્રી ગણેશાય નમઃ ||



|| શ્રી ગાયત્રી માતાજી ||

# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●

**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062